Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

लक्ष्मीवान् स्वीयलक्ष्मीं विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्वै सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवसतु परमैक्येन सर्वेषु सत्सु
'आत्मानन्द प्रकाशाद्' भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

पु. १८. | वीर सं. २४४७ कार्तिक. आत्म सं. २५ | अंक ४ थो

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा- भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ શ્રી જીનેંદ્ર સ્તુતિ ... | ૯૩ | ૫ બ્રહ્મચર્ય અથવા ઇન્દ્રિય નિગ્રહનો અદ્ભુત મહિમા. ... | ૧૧૦ |
| ૨ કલ્યાણનાં સાધનથી વિમુખ પુરૂષનું બંધન કેમ છુટે ? ... | ૯૪ | ૬ બ્રહ્મચર્ય અથવા સુશીલતાને સેવવાની જરૂર. ... | ૧૧૧ |
| ૩ સ્વાસ્થ્ય, સફળતા અને શક્તિ પ્રાપ્ત કરવાનું ગુપ્ત રહસ્ય. ... | ૯૫ | ૭ શ્રી તીર્થંકર ભગવાનનો કલ્યાણક ઉજવવાનો પ્રસંગ. ... | ૧૧૩ |
| ૪ સ્વઓળખાણ સંબંધી સ્થૂલ ...રણા.... ... | ૧૦૩ | ૮ મુનિરાજનું જીવન સ્વદેશી કેવી રીતે છે. | ૧૧૭ |
| | | ૯ સ્વ જીવન સફળ... | ...૨૦ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાલતા ( અઢારમા ) વર્ષની અપૂર્વ ભેટ

શ્રીઆત્માનંદ પ્રકાશના સુજ્ઞ ગ્રાહકોને આ અઢરામા વર્ષની ભેટની બુક શુમારે વીશ ફારમ મોટો ગ્રંથ આપવાનું મુકરર થયું છે. આવી સખ્ત મોંઘવારી છતાં દર વર્ષે નિયમિત આઠ ફારમની મોટી ભેટની બુક ( માસિકનું લવાજમ કાંઇપણ નહિ વધાર્યાં છતાં ) આપવાનો ક્ર માત્ર આ સભાએ જ રાખ્યો છે, તે અમારા માનવંતા ગ્રાહકોની ધ્યાન બહાર હશેજ નહીં. તે કારણ માત્ર જૈન સમાજને સસ્તી કિંમતે-ઓછી કિંમતે વાંચનનો બ્હોળો લાભ આપવાના હેતુ લઇનેજ છે. જેથી દરેક જૈન બંધુએ આ માસિકના ગ્રાહક થઇ તેનો લાભ લેવા સાથે જ્ઞાન ખાતાને ઉત્તેજન આપવા ચુકવું નહિં. અમારા માનવંતા ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક જલદીથી ભેટ આપવાની છે જેથી તેનું છપાવવાનું કાર્ય શરૂ થઇ ચુકયું છે, જેથી જે બંધુઓને ગ્રાહક ન રહેવું હોય તેમણે હાલમાંજ અમોને પત્ર દ્વારા જણાવવું કે જેથી નાહક જ્ઞાન ખાતાને નુકસાન ન થાય; પરંતુ બારમાસ સુધી ગ્રાહક રહી અંકો રાખી પછવાડે ભેટની બુક લવાજમ વસુલકરવા વી. પી. થી મોકલવામાં આવે, ત્યારે પાછી મોકલી નકામો ખર્ચ કરાવી વિનાકારણ જ્ઞાન ખાતાને નુકસાન કરવું અને તેના દેવાદાર રહેવું તે યોગ્ય નથી. માટે જેઓએ ગ્રાહક ન રહેવું હોય તેઓએ અમોને સ્પષ્ટ ખુલાસો લખી જણાવવો એવી નમ્ર સુચના કરીએ છીયે.

# જીવન—સુધારણાના સન્માર્ગો.

## પ્રત્યેક કુટુંબમાં અવશ્ય રાખવા અને વાંચવા લાયક અત્યુત્તમ લેખનો સંગ્રહ

### પ્રયોજક—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.

જીવનમાં નવીન ઉત્સાહ રેડનાર, નવીન ચૈતન્ય જગાડનાર, અપૂર્વ આનંદ અને શક્તિ પ્રેરનાર તેમજ માનસિક શક્તિઓનો અજબ વિકાસ કરનાર ઉમદા સદ્‌વિચારોથી ભરપૂર આ પુસ્તક પ્રત્યેક સ્ત્રી પુરૂષને સ્વપરહિત સાધવામાં અમૂલ્ય સાહાય્ય આપનાર થઇ પડે તેમ છે. આમાં નિર્દિષ્ટ કરેલા સન્માર્ગો જાણી જીવનયાત્રા સફળ કરવા જરૂર મંગાવો. કિં. રૂા. ૧ાા

મળવાનાં ઠેકાણાં:—

( ૧ ) શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

( ૨ ) જીવનલાલ અમરશી મહેતા

પીરમશાહ રોડ—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शरीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक १८ ] वीर संवत् २४४७ कार्तिक आत्म संवत् २५. [ अंक ४ थो.

## श्री जिनेंद्र स्तुति.

( વસંત તિલકા )

જીનેંદ્ર જે ભવસમુદ્રથી તારનાર,
સંસારીના અઘસમૂહ નિવારનાર;
વિદારતા કઠિન કર્મ કૃપાવતાર,
ભંડાર તે ગુણતણા શિવ આપનાર. ૧
વાણીથી તે જીનનું નામ સદા ઉચારો,
જીનેશની વિમલ વાણીજ કર્ણ ધારો;
તેનું કરો મનન નિત્ય હૃદે સુભાવે,
ને આચરો પૂજન હસ્તવડે સદાયે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કલ્યાણનાં સાધનથી વિમુખ પુરૂષનું બંધન કેમ છૂટે ?

રચનાર—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી.

( વસંત તિલકા. )

કીધાં કુકર્મ નર તેં નરદેહ પામી,
પ્રેમે ભજ્યા ન અરિહંત અરે હરામી;
ફાલ્યો ફર્યો ધન, યુવા વયના મદેથી,
રાખ્યું સદા વિમુખ ચિત્ત પ્રભુપદેથી. ૧

ઇર્ષ્યાગ્નિથી પ્રતિદિને બળતો રહ્યો તું,
ડૂબ્યો મમત્વ જળમાં કરી નિત્ય 'હું, હું';
તૃષ્ણા તૃષા ન કદિ શાંત થઇજ તારી,
આણ્યો ઉમંગ રમવા રતિરંગ ભારી. ૨

ચાલ્યો ન લેશ જગમાં પ્રભુથી ડરીને,
બેઠો ન કોઈ દિવસે ઘડિયે ઠરીને;
આશા તણા પ્રબળ વોહ વિશે તણાણો,
માથે વહ્યો નિશદિને અભિમાન પાણો. ૩

ઇચ્છા કરી પરધને પરદાર સંગે,
રાચ્યો સદા યુવતિના જ કટાક્ષ ભંગે;
ખોટા અને ક્ષણિક ભોગ સદૈવ સેવ્યા,
જીનેશમાં ન મન ઇંદ્રિયને પરોવ્યા. ૪

કાઢયું સમગ્ર વય આમ જ ધૂળ ધોઇ,
નાંખ્યું અમૂલ્ય પણ આ તન વ્યર્થ ખોઇ;
કલ્યાણ સાધન કર્યું નહિં તેં કદાપિ,
છૂટે 'કુબેર' તુજ બંધન કેમ પાપી ? ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વાસ્થ્ય, સફલતા અને શકિત પ્રાપ્ત કરવાનું ગુપ્ત રહસ્ય.

વિઠ્ઠલદાસ મૂ. શાહ, બી. એ.

જે મનુષ્ય હમેશાં પોતાના હૃદયમાં ઉત્કૃષ્ટ ભલાઈ અને નેકીને સ્થાન આપવાને યત્નશીલ રહે છે તે નિશ્ચયપૂર્વક વાસ્તવિક સુખ, સ્વાસ્થ્ય અને સંપત્તિ પ્રાપ્ત કરી શકે છે. ભલાઇ અને નેકી સમાન કોઈપણ વસ્તુ નથી. ભલાઈનો અર્થ એવો નથી કે બહારથી સદાચારના નિયમોનું પાલન કરવું, પરંતુ તે શબ્દ એવા અર્થમાં વાપરેલ છે કે આપણા વિચારો વિશુદ્ધ અને પવિત્ર હોવા જોઈએ, આપણી આકાંક્ષાઓ ઉચ્ચ હોવી જોઇએ, આપણો પ્રેમ નિઃસ્વાર્થ હોવો જોઇએ અને આપણામાં વ્યર્થ અભિમાનનો અંશ પણ ન હોવો જોઇએ. જે મનુષ્ય હમેશાં સદ્વિચારોમાંજ પોતાનું જીવન વ્યતીત કરે છે તેનો પ્રભાવ સમસ્ત મનુષ્યો ઉપર પડે છે.

જેવી રીતે સૂર્યના પ્રકાશથી અંધકારનો નિર્મૂલ વિલય થઇ જાય છે તેવીજ રીતે વિશુદ્ધ હૃદય અને દૃઢ વિશ્વાસી મનુષ્યના પ્રબળ વિચારોનાં સર્વ વ્યાપી કિરણોની પાસે બુરાઈઓ સર્વ નિર્મળ શકિતઓ નષ્ટ થઈ જાય છે અને તેનું નામ નિશાન પણ રહેતું નથી. જ્યાં જ્યાં દૃઢ વિશ્વાસ, સમ્યકૃશ્રદ્ધાન અને પવિત્રતાનો સદ્ભાવ હોય છે ત્યાં ત્યાં શક્તિ, સ્વાસ્થ્ય અને સફલતા મોજુદ હોય છે. એવી અવસ્થામાં રોગ, આપદા અને નિષ્ફલતા કદિપણ રહી શકેજ નહિ, કારણકે તેઓની પુષ્ટિને અર્થે ત્યાં કોઈપણ વસ્તુ હોતી નથી.

શારીરિક અવસ્થાઓ પણ માનસિક અવસ્થાઓ ઉપર અધિકતર નિર્ધારિત રહેલી છે. વિજ્ઞાનશાસ્ત્ર પણ આ સિદ્ધાંત માન્ય રાખે છે જે લોકો મન અને આત્માને માનતા નહોતા અને કહેતા હતા કે શરીર સિવાય બીજી કોઇપણ વસ્તુ નથી તેઓ એ માન્યતાને છોડવા લાગ્યા છે. હવે તેઓ માનવા લાગ્યા છે કે મનુષ્ય પોતાનાં શરીર કરતાં ઉચ્ચતર છે, અર્થાત્ મનુષ્યમાં તેનાં શરીર કરતાં ચઢીયાતી કોઇ વસ્તુ રહેલી છે અને તેનું શરીર એ છે કે જે તે પોતાની માનસિક શક્તિથી બનાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો શરીર ઉપર મનુષ્યના માનસિક વિચારોનો મહાન પ્રભાવ પડે છે. અમુક મનુષ્યને અજીર્ણ થયું છે તે કારણથી તે ઉદાસ અને અપ્રસન્ન રહે છે તે માન્યતા હવે લોકો છોડવા લાગ્યા છે, પરંતુ એથી ઉલટું એમ માનવા લાગ્યા છે કે અમુક મનુષ્ય ઉદાસ અને અપ્રસન્ન રહે છે તે કારણથી તેને અજીર્ણ થયું છે. અને ભવિષ્યમાં એક એવો સમય આવશે કે જ્યારે સર્વ લોકોને બુદ્ધિગત થશે કે જેટલા રોગો છે તે સર્વનું કારણ મનુષ્યનું મન જ છે, અર્થાત્ ભિન્ન ભિન્ન પ્રકારની માનસિક અવસ્થાઓને લઈને મનુષ્યો ભિન્ન ભિન્ન પ્રકારના રોગોથી ગ્રસિત રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુનિયામાં કોઇ રોગ એવો નથી કે જે મનમાંથી ઉત્પન્ન ન થયો હોય, પ્રત્યેક રોગનું કારણ મનજ છે, રોગ, શોક, દુઃખ અને સંતાપનો સંબંધ સાંસારિક નિયમો સાથે નથી તેમજ તેઓનું જુદું અસ્તિત્વ પણ નથી. તે સર્વ એવા કારણથી ઉત્પન્ન થાય છે કે આપણે પદાર્થોના વાસ્તવિક સંબંધથી અપરિચિત રહીએ છીએ. એક સમય એવો હતો કે ભારતવર્ષમાં એવા સમર્થ તત્વજ્ઞાની પુરૂષો રહેતા હતા કે જેઓ પવિત્રતા ભર્યું જીવન વહન કરતા હતા અને તે કારણથી તેઓ દીર્ઘાયુષ્ય ભોગવતા હતા. તેઓ રોગોને અક્ષમ્ય ગણુતા હતા. કેમકે તેનાથી તેઓના સમજવામાં આવતું કે તેઓએ પ્રાકૃતિક નિયમોની અવજ્ઞા કરી છે. રોગ એ પ્રાકૃતિક નિયમોની અવજ્ઞા કરવા માટેની શિક્ષા છે એ વાત આપણા સમજવામાં આવશે કે તરતજ આપણે સ્વાસ્થ્યના પંથ ઉપર વિચારવા લાગશું. જેઓ રોગને પોતાની તરફ આકર્ષે છે અને જેઓના મન તથા શરીર રોગને ગૃહણ કરે છે તે લોકોજ રોગથી પીડાય છે. જેઓના દૃઢ, પવિત્ર અને પ્રબળ વિચારો સ્વાસ્થ્યપ્રદ અવસ્થા ઉત્પન્ન કરે છે તે લોકોથી રોગ સો ગાઉ દૂર નાસે છે.

જો તમે ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષ્યા, દ્વેષ અથવા અન્ય કોઈ વાસનાને આધીન રહેતા હો અને તમારૂ સ્વાસ્થ્ય સારૂ રહે એવી આશા રાખતા હો તો તમે નક્કી માનો કે તમે અસંભવિત વાતની આશા રાખો છો. એમ કદાપિ બની શકતુંજ નથી, કારણ કે તમે નિરંતર તમારા મનમાં રોગના બીજ વાવી રહ્યા છો. બુદ્ધિમાન મનુષ્યો આ પ્રકારની અપ્રિય માનસિક અવસ્થાઓથી હંમેશાં બચે છે, કેમકે તેઓ જાણતા હોય છે કે તે અવસ્થાઓ અત્યંત ભયંકર છે.

જો તમે શારીરિક વ્યાધિઓથી બચવાની અને સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવવાની ઇચ્છા રાખતા હો તો તમારા મનને નિશ્ચિત રાખો અને તમારા વિચારોને એક દિશામાં લગાવો. હર્ષ અને આનંદનાજ વિચાર કરો, પ્રેમ અને વાત્સલ્યનો ભાવ તમારા મનમાં ઉત્પન્ન કરો. પછી તમારે કોઇપણ ઔષધની જરૂર રહેશે નહિ. તમારા મનમાંથી ઇર્ષ્યા, દ્વેષ, ભય, શંકા, ચિંતા અને સ્વાર્થના વિચારોનો સત્વર બહિષ્કાર કરો અને તમારી અજીર્ણ તથા મંદાગ્નિ આદિની તમામ ફરિયાદો દૂર થઇ જશે; પરંતુ તમે આગ્રહપૂર્વક દુર્વાસનાઓનો તમારા મનમાંથી બહિષ્કાર નહિ કરો તો પછી તમારૂં શરીર વ્યાધિઓથી ગ્રસિત રહે છે એવી નિરર્થક ફરિયાદ ન કરો.

આ સંબંધમાં નીચેનું દ્રષ્ટાંત મનનીય છે. તેનાથી તમને એક વાત સ્પષ્ટતઃ સમજાશે કે માનસિક વિચારો અને અવસ્થાઓનો શારીરિક અવસ્થાઓની સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘનિષ્ટ સંબંધ રહેલો છે. એક મનુષ્ય કોઇ મહાન રોગથી પીડાતો હતો. તેણે અનેક ઔષધોપચાર કર્યા, પરંતુ તેનાથી કાંઇપણ લાભ થયો નહિ. પછી તે એવે સ્થળે ગયો કે જ્યાંના હવાપાણી રોગનાશક ગણાતા હતા. પરંતુ તેમ કરવાથી પણ તેને કોઇપણ જાતનો લાભ થયો નહિ. તેનો રોગ જરાપણ શાંત થયો નહિં. એક રાત્રે તેને સ્વપ્ન આવ્યું કે કોઇ દિવ્ય પુરૂષ તેને પૂછે છે કે "કેમ તેં સર્વ પ્રકારના ઔષધોપચાર અજમાવી લીધા." તેણે જવાબ આપ્યો કે "હા, મેં ઉપચાર કરવામાં જરાપણ ન્યૂનતા રાખી નથી." તે સાંભળી તે દિવ્ય પુરૂષે કહ્યું કે "સારૂં, તું આજે મારી સાથે ચાલ. હું તને એક એવું સરોવર બતાવીશ કે જે તેં આજ સુધીમાં કદિ જોયું નહિ હોય. તે બિચારો પોતાના રોગની નિવૃત્તિ અર્થે તેની પાછળ પાછળ ચાલ્યો. તે દિવ્ય પુરૂષ તે માણસને એક સરોવર પાસે લઇ ગયો અને તેણે કહ્યું. "આ સરોવરમાં ડુબકી માર, તારા સર્વ રોગ મટી જશે." આમ કહીને તે દિવ્ય પુરૂષ અદ્રશ્ય થઇ ગયો. તે રોગી પુરૂષ સરોવરમાં ડુબકી મારી બહાર નીકળ્યો ત્યારે તેને માલુમ પડયું કે પોતાની વ્યાધિગ્રસ્ત સ્થિતિનો અંત આવી ગયો છે. તેટલામાં તેની આંખો ઉઘડી ગઇ અને જે સ્વપ્ન તેણે જોયું હતું તેનો પૂરેપૂરો અર્થ તેના સમજવામાં આવી ગયો. વિચાર કરતાં તેને માલુમ પડયું કે તે પોતે અદ્યાપિપર્યંત એક પાપનો ભાગી બની રહ્યો છે. અને એ કારણથી જ રોગે તેનો પીછો છોડયો નથી. તેણે અત્યંત પશ્ચાતાપ કર્યો. અને તરતજ એક પ્રતિજ્ઞા લીધી જેનું તે નિરંતર યથાર્થ પાલન કરવા લાગ્યો. તેજ દિવસથી તેની પીડા ઘટવા લાગી અને થોડા દિવસમાં તદ્દન નિરોગી અને સ્વસ્થ બની ગયો.

ઘણા લોકોની એવી માન્યતા છે કે અધિક કાર્ય કરવાથી સ્વાસ્થ્ય બગડી જાય છે. પ્રાયે કરીને સ્વાસ્થ્ય એટલા કારણથી જ બગડી જાય છે કે લોકો મુર્ખાઈથી પોતાની શકિતનો હ્રાસ કરે છે. જો તમે તમારૂં સ્વાસ્થ્ય બરાબર જાળવવા ઇચ્છતા હો તો તમારે પ્રત્યેક કાર્ય શાંત ચિત્તથી કરવું જોઇએ. ચિંતા કર્યા કરવાથી અથવા ઘડી ઘડીમાં ગભરાઇ જવાથી અને કામને વધાર્યા કરવાની ટેવથી સ્વાસ્થ્ય બગડે છે અને શરીર રોગગ્રસ્ત બને છે. શારીરિક કે માનસિક ગમે તે પ્રકારનું કાર્ય હોય, પણ તે સદા ઉપયોગી અને સ્વાસ્થ્યપ્રદજ હોય છે. જે મનુષ્ય ભય અને ચિંતાથી મુકત બની ને પોતાનેજે કાર્ય કરવાનું હોય છે તેમાંજ પોતાનાં મનને એકાગ્ર કરે છે અને જે સંપૂર્ણ શાંતિ પૂર્વક કાર્ય કરે છે તે મનુષ્ય અધિકતર કાર્ય કરી શકે છે એટલુંજ નહિ પણ પોતાનાં સ્વાસ્થ્યને સુરક્ષિત રાખી શકે છે. આથી ઉલ્ટું જે મનુષ્ય નિરંતર ભય અને ચિંતાથી વ્યાકુળ રહે છે તેનું સ્વાસ્થ્ય શીઘ્રતાથી બગડી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાસ્થ્ય અને સફળતાની વચ્ચે કાર્ય કારણનો સબંધ રહેલો છે. અર્થાત્ જે મનુષ્યનું સ્વાસ્થ્ય સારૂં હોય છે તેને અવશ્ય સફળતા મળે છે, કારણકે વિચારરૂપી જગત્‌માં એ બન્નેનો પારસ્પરિક સંબંધ છે અને એ સંબંધ કદિપણ ત્રુટે તેવો નથી. જેવી રીતે માનસિક અવસ્થા ઉત્તમ બનવાથી મનુષ્યની શારીરિક અવસ્થા ઉત્તમ બને છે તેવી રીતે મનની મારફત મનુષ્ય પોતાનાં કાર્યોમાં સફલતા પ્રાપ્ત કરી શકે છે. તમારા વિચારોને ઉત્તમ બનાવો ,અને તમારૂં સમસ્ત જીવન પણ ઉત્તમ બની જશે. જો તમે તમારા કષાયો અને દુર્વાસનાઓનાં ભયંકર મોજાં ઉપર શાંતિ રૂપી તેલ નાંખશો અર્થાત્ શાંતિ ધારણ કરશો તો દુર્ભાગ્ય અને વિપત્તિ જીવનરૂપી સમુદ્રમાં ચાલી રહેલી તમારી આત્મિક નૌકામાં કોઇપણ પ્રકારનો સંક્ષોભ પેદા કરી શકશે નહિ, અને વળી જો તે નૌકાનો નાવિક દ્રઢ વિશ્વાસી અને પ્રસન્ન ચિત્ત હશે તો નૌકા નિર્વિઘ્ને સીધી ચાલી જશે અને વિપત્તિઓમાંથી પસાર થઇને પોતાનાં અભીષ્ટ સ્થાને સહીસલામત પહોંચી જશે. પરંતુ જો નાવિક દ્રઢ વિશ્વાસી અને પ્રસન્ન ચિત્ત નહિ હોય તો નૌકાનો વિપત્તિઓમાંથી બચાવ કરવાનું કાર્ય અત્યંત મુશ્કેલ છે. વિશ્વાસના બળથી પ્રત્યેક કાર્યની પૂર્તિ થઇ શકે છે. પરમાત્મામાં શ્રદ્ધા રાખવી, નૈસર્ગિક નિયમોમાં વિશ્વાસ રાખવો, પોતાનાં કાર્ય ઉપર વિશ્વાસ રાખવો અને પોતાની શકિત ઉપર વિશ્વાસ રાખવો. એ સફલતા પ્રાપ્ત કરવાનું ગુપ્ત રહસ્ય છે. અત્ર કદાચ પ્રશ્ન ઉપસ્થિત થશે કે વિશ્વાસ કોને કહેવો ? પ્રત્યેક દશામાં પોતાના મનની સર્વોચ્ચ ભાવનાઓથી કામ લેવું, પોતાનાં શુદ્ધ અંતઃકરણ ઉપર શ્રદ્ધા રાખવી, પોતાના ઉદ્દેશ્યની પુર્તિને માટે નિર્ભય બની શાંતિપૂર્વક ઉદ્યોગપરાયણ રહેવું અને "ભવિષ્યમાં મારા પ્રત્યેક વિચાર તથા કાર્યનો બદલો મને મળશેજ અને જગત્‌ના નિયમોમાં ભૂલ થઇ શકતી નથી, જે મારૂં છે તે મને મળશેજ." એમ નિશ્ચય પૂર્વક માનવું એનું નામજ સાચો વિશ્વાસ છે. આ પ્રકારના વિશ્વાસના બળથી સર્વ જાતના સંદેહ દૂર થઇ જાય છે, કઠિનતાના પર્વતો ચૂર્ણ થઇ જાય છે. તેમ પ્રત્યેક વસ્તુને તજી દઇને સૌથી પહેલાં આ અડગ વિશ્વાસ પ્રાપ્ત કરવાનો સતત ઉદ્યોગ આદરશો, કારણકે આ પ્રકારનો વિશ્વાસ મનુષ્યને સુખ, સફલતા અને શકિતનું પ્રદાન કરવામાં, જીવનને સર્વ પ્રકારનાં દુઃખોથી બચાવવામાં અને ઉચ્ચતર બનાવવામાં જાદુઇ કામ કરે છે. આ પ્રકારના વિશ્વાસ ઉપર જે ઇમારત બાંધવામાં આવશે તે ચિરસ્થાયી તેમજ દ્રઢ બનશે. ઇંટ અને પથ્થરની બનાવેલી ઇમારતો કરતાં તે ઇમારત અધિક ઉત્તમ બનશે, કારણકે સમય જતાં તે ઇમારતોનો નાશ થાય છે, પરંતુ એ ઇમારતનો કદિપણ નાશ થશે નહિ. તમે દુઃખ અને વિપત્તિઓથી ગ્રસિત હો અથવા હર્ષ અને આનંદના શિખર ઉપર આરૂઢ હો, તો પણ પ્રત્યેક અવસ્થામાં વિશ્વાસને એક મહાન આલં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન સમજે. જો તમે એ વિશ્વાસરૂપી આલંબનને અવિચળ રીતે વળગી રહેશો તો તમારામાં એવું આધ્યાત્મિક બળ ઉત્પન્ન થશે કે તમે પાપ અને બુરાઇની શકિતઓને શીર્ણ વિશીર્ણ કરી શકશો અને તમને એવી સફળતા પ્રાપ્ત થશે કે જે સાંસારિક ધન સંપત્તિની સ્પૃહા રાખનાર માણસને સ્વપ્નમાં પણ અનનુભૂત છે. જો તમારામાં સમ્યક્ શ્રદ્ધા હશે અને કોઇ પ્રકારની શંકા નહિ હોય તો તમને કેવળ ઉપર્યુકત વસ્તુઓનીજ પ્રાપ્તિ થશે એટલુંજ નહિ પણ તમારી શકિતમાં એટલો બધો વધારો થશે કે તમે અસંભવિત બાબતને પણ સંભવિત કરી શકશો અને અપ્રાપ્ય વસ્તુઓને સુપ્રાપ્ય કરી શકશો.

આધુનિક કાળમાં પણ એવા કેટલાક સ્ત્રી પુરૂષો મોજુદ છે કે જેઓને આ સમ્યક્ શ્રદ્ધા સારી રીતે બુદ્ધિગત થયેલ છે, જેઓ રાત દિવસ એમાંજ અને એ દ્વારા જ પોતાનું જીવન વ્યતીત કરે છે, જેઓએ તેને પોતાનાં જીવનમાં ઓતપ્રોત કરી મુકેલ છે. એનું પરીણામ એ આવ્યું છે કે તેઓને શાંતિ અને વિભવની પ્રાપ્તિ થઈ છે. તેઓનાં મુખમાંથી શબ્દ નીકળતાં વાર તેઓની પાસેથી દુ:ખ, શોક, વિપત્તિ, નિરાશા અને માનસિક વા શારીરિક વેદનોના પર્વતો હઠી જાય છે અને વિસ્મૃતિના અગાધ સમુદ્રમાં ડુબી જાય છે. જો તમારામાં આ પ્રકારની દ્રઢ શ્રદ્ધા છે તો પછી તમારે તમારી ભાવી સફળતા વા નિષ્ફળતા માટે ચિંતા કરવાની જરૂર નથી. તમને અવશ્ય સફલતા મળશે જ. તમારે શુભ વા અશુભ પરિણામની પણ ચિંતા કરવાની જરૂર પણ નથી. તમે શાંતિ અને આનંદપૂર્વક તમારાં કાર્યો કર્યે જાઓ. અને જાણો કે સદ્વિચારો અને સત્કાર્યોથી અવશ્યમેવ શુભ પરિણામ નિષ્પન્ન થશે.

એક પુરૂષ એવો છે કે જેણે અનેક પ્રકારનાં સુખો પ્રાપ્ત કર્યાં છે. એક દિવસે તેના એક મિત્રે તેને કહ્યું કે "અહો, તમે કેવા ભાગ્યશાળી છો કે માત્ર ઇચ્છા કરવાથી જ તમને ઇચ્છીત વસ્તુની પ્રાપ્તિ થઈ જાય છે." દેખીતી રીતે એમજ માલુમ પડે છે એ નિ:સંદેહ છે, પરંતુ વાસ્તવિક રીતે તેને જે સુખ પ્રાપ્ત થયેલું છે તે સર્વ તેના માનસિક સુખનાં જ પરિણામ રૂપ છે કે જેને માટે તે શરૂઆતથીજ ઉદ્યોગશીલ બની રહ્યો હતો. જ્યારથી તેના જાણવામાં આવ્યું છે ત્યારથી તે પોતાના મનને બરાબર સાધવાના અને પોતાના આત્માને પવિત્ર કરવાના પ્રયત્નો કરી રહેલ છે. કોઇવસ્તુની ઇચ્છા માત્ર કરવાથી નિરાશા સિવાય બીજું કાંઇ મળતું નથી. જે કાંઇ મળે છે તે ઉત્તમ જીવન વહન કરવાથીજ. ઉત્તમ જીવનનો જ કંઇક ઓર પ્રભાવ પડે છે. મૂર્ખ લોકો કેવળ ઇચ્છા કર્યા કરે છે અને જ્યારે તેઓને કાંઇ નથી મળતું ત્યારે તેઓ બગડવા લાગે છે, પરંતુ બુદ્ધિમાન પુરૂષો તો કાર્ય કરે છે અને ફલની પ્રતીક્ષા કરે છે. ઉક્ત પુરૂષે જે કાંઇ પ્રાપ્ત કર્યું હતું તે સર્વ પોતાના અવિચ્છિન્ન પ્રયત્નોથીજ તેણે પ્રાપ્ત કર્યું હતું તેણે પોતાનાં અંતરંગને સુધાર્યું હતું;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનાં મનને સાધ્યું હતું અને પોતાના આત્માને વિશુદ્ધ બનાવ્યો હતો. તેણે પોતાના આત્માને અલૌકિક અને અદૃશ્ય હાથોવડે આશા, વિશ્વાસ, પ્રેમ, આનંદ અને ભક્તિ રૂપી બહુમૂલ્ય હીરાઓથી સુશોભિત પ્રકાશનું એક સુંદર અને રમણીય મંદિર બનાવ્યું હતું જેના પ્રકાશમાન કિરણો તેની આસપાસ સદૈવ ફેલાઇ રહેતા હતા. તે કિરણો તેની આંખોમાં ચળકતાં હતાં, તેની આકૃતિમાંથી પ્રકટ થતાં હતાં, તેના શબ્દે શબ્દમાં પ્રતીત થતાં હતાં અને જે લોકો તેની સમક્ષ આવતા હતા તેઓના ઉપર તે કિરણોનો ચમત્કારિક પ્રભાવ પડતો હતો અને તેથી તે સર્વ તેના ભક્ત બની જતા હતા.

ઉપરોક્ત પુરૂષના જેવીજ તમારી સ્થિતિ છે. તમારી સફલતા, તમારી નિષ્ફલતા તમારા પ્રભાવ અને તમારાં જીવનનાં સર્વ કાર્યો તમારી અવસ્થામાં આ વાતની સાક્ષી પુરે છે કે તમારાં મનમાં કોઇ પ્રકારના વિચારોની અસર છે. તમે પ્રેમ પવિત્રતા, અને આનંદના વિચારોને પ્રકાશિત કરશો તો તમને સુખ ઐશ્વર્ય તેમજ સંપૂર્ણ શાંતિ મળશે. એથી ઉલ્ટું જો તમે તિરસ્કાર, દ્વેષ, તેમજ અપવિત્રતા અને અપ્રસન્નતાના વિચારોને પ્રકાશિત કરશો તો સૌ કોઇ તમારી નિંદા કરશે અને તમે સર્વદા ભય અને ચિંતાથી ગ્રસ્ત રહેશો. તમારા સારા વા નરસા ભાગ્યના ઘડનાર તમે પોતેજ છો. પ્રતિક્ષણ તમારામાંથી એવા ભાવ અને વિચારો પ્રકટ થયા કરે છે કે જેનાથી તમારૂં જીવન સુધરે છે વા બગડે છે. તમારાં હૃદયને ઉદાર, નિ:સ્વાર્થ અને પ્રેમમય બનાવો; એનાથી તમારો પ્રભાવ વધશે અને તમારી પાસે બિલ્કુલ દ્રવ્ય નહિ હોય તોપણ તમને સ્થાયી સફલતાની પ્રાપ્તિ થશે. પરંતુ 'એથી ઉલ્ટું જો તમે તમારી જાતને સ્વાર્થમાં જ મગ્ન રાખશો તો તમે લક્ષાધિપતિ કે કોટયાધિપતિ હશો તોપણ તમારો પ્રભાવ લેશ પણ વધશે નહિ અને તમને સફલતા પણ પ્રાપ્ત થશે. નહિ. તેથી તમે તમારી અંદર એ પવિત્ર અને નિ:સ્વાર્થ ભાવ ઉત્પન્ન કરો અને વિશ્વાસ તેમ જ પવિત્રતા પૂર્વક કાર્ય કરવા ઉપરાંત તમારા શુભ સંકલ્પને દૃઢતા પૂર્વક વળગી રહો. એમ કરવાથી તમારાં મનમાં એવા ભાવ પ્રકટ થશે કે જેને લઇને તમને ઉત્તમ સ્વાસ્થ્ય તેમ જ સ્થાયી સફલતા જ પ્રાપ્ત થશે એટલુંજ નહિ પરંતુ તમારાં બળ અને પ્રભાવમાં પણ અત્યંત વધારો થશે.

તમે તમારી વર્તમાન સ્થિતિથી અપ્રસન્ન રહેતા હો અને તમારૂં મન કામમાં ન ચોંટતું હોય તોપણ તમે બની શકે ત્યાંસુધી તમારાં કર્ત્તવ્યનું શ્રમ અને સાહસ પૂર્વક પાલન કર્યે જાઓ અને તમારા મનમાં એટલો વિશ્વાસ રાખો કે આ કરતાં સારી અવસ્થા અને સારો અવસર તમારા માટે રાહ જોઇ રહેલ છે. હમેશાં નવાં નવાં કાર્યોની શોધમાં રહો જેનાથી કોઈ શુભ અવસર મળે અથવા નવો માર્ગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માલુમ પડે ત્યારે તમે તેનો લાભ લઈ શકો અને બુદ્ધિમત્તા, સાવધાનતા તેમજ દૂરદર્શિતાપૂર્વક કાર્ય કરવા માટે તૈયાર બની તે નવું કાર્ય કરવામાં તનમનથી ઉદ્યોગશીલ બનો.

તમારે જે કાંઇ કાર્ય કરવાનું હોય તે તમે હમેશાં તન મન ધનથી એકાગ્રચિત્ત બની કરો અને જરા પણ ન્યૂનતા ન રાખો. જો તમે ન્હાનાં ન્હાનાં કાર્યો પૂર્ણતાથી કરશો તો તમે મ્હોટાં મ્હોટાં કાર્યો પણ અવશ્ય કરી શકશો. એક વાત સદૈવ ધ્યાનમાં રાખો કે ધીમે ધીમે આત્મોન્નતિ સાધી શકાય છે. એમ કરવાથી તમારૂં અધઃપતન થવાનો કદિ પણ સંભવ નથી. વાસ્તવિક શક્તિ પ્રાપ્ત કરવાનો એજ માર્ગ છે. મૂર્ખ મનુષ્યો પોતાની સંપૂર્ણ માનસિક અને આત્મિક શક્તિનો વ્યર્થ બકવાદ તેમજ સ્વાર્થયુક્ત વાતોમાં નાશ કરે છે અને તે સાથે ખરાબ કાર્યો કરવાથી પોતાની શારીરિક શકિતનો પણ નાશ કરે છે. જો તમે પ્રબલ શક્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખતા હો તો તમારે શાંતિ, ધૈર્ય અને ગંભીરતાપૂર્વક સર્વ કાર્યો કરવાં જોઇએ. બીજા લોકોની સહાયતાની અપેક્ષા ન રાખો; સંપૂર્ણ શક્તિને સ્થિરતા અને દૃઢતા સાથે ગાઢ સંબંધ રહેલો છે. વસ્તુતઃ તેજ મનુષ્ય બળવાન ગણાય છે કે જે પોતાના સહાયકોની કોઇને કોઇ પ્રકારની વાસનામાં ગ્રસિત થઇ જવા છતાં પણ પોતે સદાકાળ શાંત, ગંભીર અને સ્થિરધીર રહે છે.

જે મનુષ્યે પોતાની જાતને વશ કરી લીધી હોય છે તેજ મનુષ્ય બીજા લોકો ઉપર શાસન કરી શકે છે અને તેઓને પોતાને વશ રાખી શકે છે. જે લોકો મૂર્ખ, કાયર, વિચારશૂન્ય હોય છે, જેનામાં બુદ્ધિ અને ગંભીરતા નથી હોતા તેઓને માટે બીજા લોકોની સાથે રહેવું જરૂરનું છે. નહિતો તેઓ નિર્બળ અને અસહાય બની અવનતિની ગર્તામાં પડી જશે; પરંતુ જે મનુષ્યો શાંત, ગંભીર, નિર્ભીક, બુદ્ધિમાન અને દૂરદર્શી હોય છે તેઓ એકલા અરણ્ય અને પર્વતોમાંથી પસાર થઈ શકે છે.

વાસનાઓમાં બિલ્કુલ શક્તિ નથી. એનાથી તો શક્તિનો દુરૂપયોગ થાય છે અને કેટલીક વખત વિનાશ પણ થાય છે. એક વખત માર્ટિન લ્યૂથરને તેના મિત્રોએ વર્મ્સ નામની જગ્યાએ જવાની મના કરી. તેનું કારણ એ હતું કે તેઓને એવો ભય હતો કે જો લ્યૂથર તે સ્થળે જશે તો તેને મારી નાંખવામાં આવશે. લ્યૂથરે જવાબમાં કહ્યું કે "ત્યાં આગળ મારા ગમે તેટલા શત્રુઓ હોય તોપણ હું ત્યાં જરૂર જઈશ." આનું નામજ સાચી શક્તિ છે. એજ રીતે જ્યારે બેંજામિન ડિઝરાયલી પહેલવહેલાં પાર્લામેંટમાં ભાષણ આપવા ઉભો થયો અને કાંઈ પણ બોલી ન શકયો ત્યારે પાર્લામેંટમાં તેની ઘણીજ હાંસી થઇ અને તે સમયે લોકોએ તેને જે કાંઈ કહ્યું હતું તેનાથી તેની વાસ્તવિક અંતરંગ શક્તિનો પ્રકાશ થઇ ગયો. તે વખતે તેણે એમ કહ્યું કે "એક દિવસ એવો આવશે કે જ્યારે તમે મારૂં ભાષણ સાંભળવામાં તમારૂં અહોભાગ્ય માનશો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક યુવકના સંબંધમાં જાણવામાં આવેલ છે કે તે અનેકાનેક વિપત્તિઓ સહન કરતો હતો, છતાં તેને પ્રત્યેક કાર્યમાં નિષ્ફલતા મળતી હતી. તેના મિત્રો તેને એમ કહી ચ્હીડવતા હતા કે "હવે તમે ઉદ્યોગ કરવાનું તજી દો, તમને સફલતા નહિ મળી શકે." તેના જવાબમાં તે યુવક કહેતો હતો કે "તે સમય દૂર નથી, પરંતુ અત્યંત નિકટ આવ્યો છે, કે જ્યારે તમે મારી સફળતા જોઇને આશ્ચર્યચકિત બની જશો." ખરેખરી રીતે તેણે સિદ્ધ કરી આપ્યું કે તેની અંદર એવી ગુપ્ત અને અજય્ય શક્તિ વિદ્યમાન છે કે જેને લઇને તેણે અસંખ્ય કઠિનતાઓ ઉપર વિજય મેળવ્યો અને તેણે પોતાના જીવનમાં સંપૂર્ણ સફલતા પ્રાપ્ત કરી.

જો તમારામાં આ શક્તિ વિદ્યમાન નથી તો તમોને અભ્યાસથી તે પ્રાપ્ત થઈ શકે તેમ છે. જ્યારથી શક્તિનો પ્રારંભ થાય છે, ત્યારથી બુદ્ધિમત્તાનો પ્રારંભ થાય છે. જે જે નાની નાની બાબતોને વશ તમે અત્યારસુધી થઇ રહેલા છો તેને તમારે પોતાને આધીન કરવાનો યત્ન આદરો. મ્હોં ફાડીને ખડખડાટ હસવું, નકામી વાતો કરવી, બીજાની ઠઠ્ઠા મશ્કરી કરવી એ બધું તમારે તજી દેવું જોઇએ. એનાથી કાળક્ષેપ સિવાય બીજો કોઈ લાભ નથી. એટલા માટેજ સેંટ પૉલે એશિયા માઇનરમાં એપ્રીસેઝના લોકોને મૂર્ખાઇ ભરેલી વાતો નહિ કરવાનો અને ઠઠ્ઠા મશ્કરી નહિ કરવાનો ઉપદેશ આપ્યો હતો. તેણે તેઓને કહ્યું હતું કે "એમ કરવાથી સંપૂર્ણ આત્મિક બળ અને જીવન નષ્ટ થઈ જાય છે." જેટલે દરજ્જે તમે તમારી માનસિક શક્તિઓને એ રીતે નષ્ટ થતી બચાવશો તેટલે દરજ્જે તમને વાસ્તવિક શક્તિનું જ્ઞાન થશે. વળી જે જે ઇચ્છાઓ અને વાસનાઓએ તમારા આત્મા ઉપર આધિપત્ય મેળવ્યું છે અને જે તમારી ઉન્નતિમાં બાધક બની છે તે સર્વ ઉપર તમે વિજય પ્રાપ્ત કરશો. તે પછી તમે સ્પષ્ટ રીતે સહેલાઈથી આત્મોન્નતિ સાધી શકશો.

સૌથી જરૂરની વાત એ છે કે તમે તમારા જીવનનો એક ઉત્તમ અને ઉપયોગી ઉદ્દેશ નિયત કરો અને હમેશાં તેની પૂર્તિ કરવામાં તન મનથી મંડ્યા રહો. ગમે તેટલી વિપત્તિઓ અને કઠિનતાઓ ઉપસ્થિત થાય તોપણ તમારા નિશ્ચિત ઉદ્દેશ્યથી જરા પણ પાછા ન હઠો. હમેશાં સ્મરણમાં રાખો કે જે મનુષ્યનો કોઇ નિશ્ચિત ઉદ્દેશ્ય નથી હોતો તેને કોઇ પણ કાર્યમાં સફલતા મળી શકતી નથી; નવી નવી બાબતો શીખવાને પ્રતિક્ષણ તૈયાર રહો. તમારાં કાર્યને સારી રીતે સમજી લ્યો અને તમે પોતે દરેક કાર્ય કરો. જે જે કાર્ય તમે તમારા અંતરાત્મા અનુસાર વિવેક પૂર્વક કરશો તે તે કાર્યમાં તમને સફલતા મળશે અને તમે આત્મોન્નતિ સાધતાં સાધતાં ઉચ્ચ સ્થાનપર પહોંચી જશો અને તમારા ઉદાર વિચારો દ્વારા જીવનનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસ્તવિક સૌંદર્ય તમારી ઉપર ધીમે ધીમે પ્રકટ થવા લાગશે. તમારી જાતને વિશુદ્ધ અને પવિત્ર રાખવાથી તમારૂં સ્વાસ્થ્ય સારૂં રહેશે, સમ્યક શ્રદ્ધા અને દૃઢ વિશ્વાસ રાખવાથી તમને સફલતા મળશે, અને તમારા મનને તમારે વશ કરી લેવાથી તમારામાં બળ અને શક્તિ પેદા થશે અને તમે જે કાર્ય કરશો તેમાં તમે અવશ્ય વિજયવંત નીવડશો. જો તમે તમારી ઇંદ્રિયોના દાસ નહિ બનો તો તમે નૈસર્ગિક નિયમાનુસાર કાર્ય કરી શકશો અને એ સ્થિતિમાં તમને જે કાંઇ સ્વાસ્થ્ય અને સફલતાનોલાભ થશે તે ચિરસ્થાયી બનશે, તેનો કદિપણ વિનાશ થશે નહિ અને તમારાં બળ અને પ્રભાવમાં દિનપ્રતિદિન સવિશેષ વધારો થતો જશે.

# સ્વ ઓળખાણ સંબંધી સ્થૂલ વિચારણા.

મનુષ્ય બીજાઓને ઓળખવાને, અને પોતાને ઓળખાવવાને જીજ્ઞાસાવાન હોય છે. છતાં પોતે કોણ ને પોતાનું યથાર્થ સ્વરૂપ શું છે ? તેનું વાસ્તવીક જ્ઞાન પ્રાપ્ત કરવાની પોતાની ફરજ છે, એવી જીજ્ઞાસા તેના મનમાં આવતી હોય એમ પ્રાયે માલમ પડતું નથી. પોતે અમુક ગામનો, પોતાના માત-પિતા અમુક, અમુક જ્ઞાતીનો અને અમુક કુટુંબ તથા કુળનો, અમુક ધર્મનો છે. આટલા જ્ઞાનથી સંતોષ માનતો જણાય છે.

પોતાનું યથાર્થ સ્વરૂપ શું છે ? એ પ્રશ્ન નવાઈ જેવો લાગશે હું કોણ ? એ પ્રશ્ન આપણને પુછે છે કોણ ? એ પ્રશ્ન આપણા મનમાં આજે કેમ ઉત્પન્ન થયો ? એ પ્રશ્નનો જવાબ કોણ આપશે ? આવા પ્રશ્નો પ્રથમ આપણા મનમાં ઉત્પન્ન થવા જોઇએ. ત્યારે શું પ્રશ્ન પુછનાર આપણે અને આપણેજ તેનો જવાબ આપવાનો છે? હા. પ્રશ્ન પુછનાર આપણો આત્મા છે અને તેણે પોતે જે કંઈ જ્ઞાન મેળવ્યું હશે તેની વિચારણા કરી તેનો જવાબ આપશે, ત્યારે ફરી પ્રશ્ન ઉભો થયો કે હું કોણ ? જગમાં મુખ્યત્વે બે ચીજ છે. ચૈતન્ય અને જડ અથવા જીવ અને અજીવ ત્યારે હું ચૈતન્ય છું કે જડ છું. હું ચૈતન્યવાન છું પણ જડની સાથે સહવાસમાં રહેનારો છું. હું ચૈતન્ય છતાં જડની સાથે રહેનાર છું એમ બને કેમ? મ્હારામાં ચૈતન્ય છે. ચેતના લક્ષણ જીવનું છે. જેનામાં ચેતના નહી તે જીવ નહી. ચેતના લક્ષણ સિવાય જીવનું વિશેષ સ્વરૂપ છે ? હા છે. પણ તે ઘણું લંબાણ છે તેથી અહીં સ્વઓળખાણ માટે યત્કિંચીત લક્ષણ ધ્યાનમાં રહે એટલે બસ છે. એમ સમજી એટલાથી જીવ છે એમ પ્રતિતી આપણે કરવી જોઇએ. ચૈતન્ય લક્ષણ જેનામાં નથી એવી તમામ વસ્તુઓ, પદાર્થો દ્રવ્યો જડ યાને અજીવ છે. શરીર એ ચૈતન્યના સહવાસમાં રહે છે. ત્યાં સુધી સજીવ તરીકે ઓળખાય છે. પણ ચૈતન્ય યાને જીવ આ શરીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોડી બીજે ઠેકાણે જતો રહે છે. ત્યારે શરીર એકલું પડી રહે છે. તે વખતે તે જડ છે. એવી આપણી પક્કી ખાત્રી થાય છે. કેમકે જે વખતે તે ચૈતન્યના સહવાસમાં હતું તે વખતે તેને જરા પણ ઇજા થતી અથવા અગ્નીનો સહેજ પણ તાપ લાગતો તો તેનું તેને દુ:ખ થતું. જ્યારે ચૈતન્ય નીકળી ગયા પછી એજ શરીરને પશ્ચાત ક્રીયા માટે ગમે તેમ બાંધવામાં આવે છે, તેનેજ ઉચકી લેઇ જવામાં આવે છે; અને અગ્ની કે ભૂમીદાહ અથવા જળ સમાધી કરવામાં આવે તો પણ તે વખતે તેને કંઇ પણ અસર થતી જણાતી નથી. જે જરા પણ અપાય ખમી શકતુ નહતું તે શરીરને બાળી નાંખવામાં આવે છે, અથવા દાટી દેવામાં આવે છે. તો પણ તે જરા ચું કે ચાં કરતું નથી. એ ઉપરથી આપણી ખાત્રી થાય છે કે ચૈતન્ય રહીતનું શરીર જડ છે. ત્યારે પ્રશ્ન એ ઉભો થયો કે જીવ ચૈતન્ય લક્ષણ વાળો છતાં જડ અથવા અજીવના સહવાસમાં રહે છે કેમ?

આ પ્રશ્ન ઘણો સારો છે અને તેનું સ્વરૂપ જ્યારે ઓળખાશે ત્યારેજ સ્વઓળખાણ થશે. જીવો બે પ્રકારના છે, એક દેહધારી અને એક દેહ વિનાના. શું દેહ વિના જીવ રહી શકે? હા. જીવ શુદ્ધ સ્વરૂપે અનંતજ્ઞાન, દર્શન ચારિત્ર અને વીર્યવાન છે, અશરીરી, અરૂપી, અવિનાશી અને કર્મરૂપ ઉપાધીથી રહીત છે. જે જીવોએ કર્મરૂપ ઉપાધીને પોતાના આત્મ પ્રદેશમાંથી સર્વથા કાઢી નાંખી પોતે નિર્વાણ થયા છે તેઓ મુકત યાને સિદ્ધજીવના નામથી ઓળખાય છે. તેઓ જ દેહ વિના રહી શકે છે. ચાર ગતિમાં જન્મ અને મરણથી ભમવાના સ્વભાવવાળા આ અનંત સંસારમાં તેમને જન્મ મરણ કરવા પડતા નથી. તેઓ આ જગતના અગ્રભાગે સાદિ અનંતભાગે અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, રૂપ સ્વરૂપમાં અવ્યાબાધ સુખમાં રહે છે તે મુક્ત જીવો સિવાયના તમામ જીવો શરીર સાથે રહેનાર છે. તેથી હું ચૈતન્યવાન છતાં જડ એવા શરીર સાથે રહેનાર છું એમ પ્રતિતી થાય છે.

ત્યારે આ શરીર બનાવ્યું કોણે ? એ પ્રશ્ન તુરત જ ઉભો થાય છે. આ પ્રશ્નના જવાબની વિચારણા કરતા પહેલાં એ વાત જાણવાની જરૂર છે કે આ દેહમાં જીવ આવ્યો ક્યાંથી ? અથવા જીવ નવીન ઉત્પન્ન થયો છે ? એ બે વાતો ધ્યાનમાં આવ્યા સિવાય એ પ્રશ્નનો ખુલાસો થઇ શકશે નહીં.

જીવને કોઇએ બનાવ્યો નથી. તે અનાદિકાળથી છે. એટલે ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે, અને ભવિષ્યમાં કાયમ રહેનાર છે. એ જીવનો કોઈ પણ કાળે નાશ થવાનો નથી. આપણે જીવોને મૃત્યુ પામતા જોઇએ છીએ, પરંતુ ખરી રીતે તે જીવ મૃત્યુ પામતો નથી અથવા તેનો નાશ થતો નથી. ફક્ત વર્તમાન શરીરમાંથી નીકળી બીજે કોઇ ઠેકાણે ફરી જન્મ લે છે. જીવ નીકળી ગયા પછી મૃત્યુ પામ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ જે બોલીએ છીએ, તે વર્તમાન દેહ આશ્રિને બોલીએ છીએ જીવ દ્રવ્ય છે. શરીર પર્યાય છે.

શરીર છોડ્યા પછી જીવ શામાટે ફેર જન્મ લે છે ?

જીવોને જન્મ ધારણ કરવો પડતો નથી તે ઠેકાણે તે કેમ જતો નથી. તેનું કારણ એવું છે કે જે શરીરમાંથી જીવ નીકળી જાય છે, તે શરીર સિવાય બીજા બે શરીર જીવની સાથે હમેશ રહે છે. ત્યારે જીવ એકથી વધુ શરીરવાળો છે ? હા. ત્રણ શરીરવાળો છે. જે શરીર પ્રત્યક્ષ દેખાય છે, બીજાઓ અને હું જોઇ શકીએ છીએ તેવા મનુષ્ય અને તિર્યંચના શરીર ઔદારિક શરીર કહેવાય છે. તે સિવાય તેજસ અને કાર્મણ એ બે શરીર આત્મપ્રદેશની સાથે ક્ષીરનીરવત્ અનાદિકાળથી મળેલા છે. તે ઘણાં સૂક્ષ્મ છે. આપણી દષ્ટિએ દેખી શકાતાં નથી. તે શરીર સાથે જીવ આ ભવમાં આવેલો છે. જીવ માતાના ગર્ભાશયમાં ઉત્પન્ન થાય છે તેના પહેલા સમયમાંજ આહાર ગૃહણ કરે છે એ એક જાતની જીવની શક્તિ છે. એ શક્તિને જૈન શાસ્ત્રકારો પર્યાપ્તિ નામથી ઓળખાવે છે. આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ ઇંદ્રિયપર્યાપ્તિ, શ્વાસોશ્વાસ પર્યાપ્તિ, ભાષા પર્યાપ્તિ, અને મનપર્યાપ્તિ એ પ્રમાણે જીવની છ પ્રકારની શકિત છે. મનુષ્યમાં ઉત્પન્ન થએલો જીવ પર્યાપ્ત પુરી થયા પછી તે શક્તિના અને અંગોપાંગ અને નિર્માણ નામ કર્મના બળે આ શરીરની રચના કરે છે એ જીવનો સ્વભાવ છે. તેથી શરીરનો કર્તા જીવ છે.

માતાના રૂધિર અને પિતાના વીર્યના એકત્ર મેળાપમાં જીવ ઉત્પન્ન થાય છે. તેમાં રૂધિરનો ભાગ વિશેષ હોય અને વીર્યનો ભાગ થોડો હોય તો જીવ સ્રીપણાને પામે છે. વીર્યનો ભાગ વધુ હોય તો પુરૂષપણાને પામે છે; બન્ને સમાન હોય તો નપુંસકપણાને પામે છે. એમ વૈદક શાસ્ત્રનું કહેવું છે. પણ તેની સાથે બીજી ખાસ લક્ષમાં રાખવા જેવી વાત એ છે કે આ ભવમાં ઉત્પન્ન થતાં પહેલાં જીવે પુરૂષ, સ્રી, કે નપુંસક વેદ એ ત્રણ પ્રકારના મોહની કર્મમાંથી જે પ્રકારનું કર્મ બાંધ્યું હોય તે કર્મ આ ભવમાં ઉદય આવવાથી જીવને તેવા પ્રકારની સામગ્રી પ્રાપ્ત થાય છે. તે સામગ્રીનો જીવ ઉપયોગકરે છે. અને ઉદય આવેલા કર્મના બળે પુરૂષ, સ્રી કે નપુંસકના શરીરની રચના કરે છે અને પુરૂષ અથવા સ્રી અથવા નપુંસક તરીકે જન્મ ધારણ કરે છે તે કારણસર હું વર્તમાન શરીર અને વેદ પામ્યો છું.

જીવોને ઉત્પન્ન થવાની ગતિ ચાર છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ, તેમાં મનુષ્યગતિમાં ઉત્પન્ન થવાને મનુષ્યગતિનામ કર્મ બાંધવાના કારણના લીધે મનુષ્યમાં ઉત્પન્ન થયેલછું.

જીવો એકેંદ્રિવાળાં, બે ઇંદ્રિવાળા, ત્રણ ઇંદ્રિવાળા, ચાર ઇંદ્રિવાળા, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચ ઈંદ્રિવાળા હોય છે. તેમાં હું મનુષ્ય પંચેદ્રિ છું. એવા હું મનુષ્ય પંચેદ્રિવાળા જીવને જે જીવોને ફરી જન્મ લેવો પડતો નથી તે સ્થળે નહીં જતાં વારંવાર જન્મ લેવો પડે છે તેનું કારણ એવું છે કે, હું અષ્ટવીધ કર્મ સહિત છું, જેઓ મનુષ્ય પંચેદ્રિપણું પામી સ્વશકિતને કેળવી અષ્ટવીધ કર્મથી રહીત થઇ કેવળ નિરાવર્ણ થાય છે. એટલે કર્મનો કંઈપણ અંશ જેમનામાં નથી તે જીવોજ તે સ્થાને જવાને શકિતવાળા છે. મેં હજી તેવી શકિત પ્રગટ કરી નથી. તેથી તે સ્થળે જવાને મ્હારામાં શકિત નથી. અને તેજ કારણસર મ્હારે જન્મ મરણ કરવાં પડે છે.

મારૂં જે નામ જગતમાં પ્રખ્યાત છે અને જે નામથી લોક બોલાવે છે અને એ નામથી બોલાવાથી મને તે બોલાવે છે. એવો મને બોધ થાય છે. તે નામ પાડયું કોણે ? અથવા એ નામ સહીત હું જન્મેલો છું ? ના, હું નામ સહીત જન્મેલો નથી. મને ઓળખવાને અનુકુળતા થાય તે કારણથી મારા માતાપિતાએ એ નામ મ્હારા શરીરનું પાડેલું છે. હું જે ચૈતન્ય લક્ષણવાળો જીવ શરીરમાં રહું છું. તેનું એ નામ નથી. છતાં શરીરની સાથે હંમેશ રહેવાથી અને હું શરીરથી ભિન્ન અથવા જુદો છું એવી મ્હારી જાગૃતી રહેતી નથી. તેથી શરીરના પાડેલા નામથી હું પોતાને તે નામથી પોતાપણું માની લઇ વ્યવહાર કરૂં છું. અને તે નામની ખાતર શુભાશુભ કર્મ કરી મગરૂર થાઉં છું. એના પરીણામે મનુષ્યજીવનનું કર્તવ્ય મ્હારા ધ્યાન ઉપર રહેતું નથી. ઉલ્ટું નવીન કર્મોપાર્જન કરી મ્હારા જીવને હું વધુ મલીન કરૂં છું. જીવ તો અરૂપી અનામી છે. જે જે ભવમાં જવાનું થાય તે તે ભવમાં તે શરીર આશ્રીને નવીન નામ પાડવાનું. ભુતકાળમાં આ જીવે અનંત શરીર ધારણ કર્યાં અને અનંત નામ તેના લીધે તેના પડયાં. વાસ્તવીક તેમાંનું જીવનું કંઇ નહીં. ફકત મોહને લીધે યથાર્થ વાત મ્હારા લક્ષ ઉપર રહેતી નથી. તેથી નામના અંગે હું વિવિધ પ્રકારના પાપારંભ કરી ખુશી થાઉં છું. એટલુંજ નહીં, પણ ધન ધાન્યાદિ ચીજો ઉપરથી મૂર્છા ઉતારી તેનો સદુપયોગ કરૂં તો મ્હારા આત્મામાં રહેલી દાનશકિતને હું ખીલવું, તેને બદલે નામનાની ખાતર અનેક પ્રકારના શુભાશુભ કાર્ય કરૂં છું. તેથી જો કે મ્હારી નામના થાય છે. જગતમાં મહારો જશ બોલાય છે હું દાનવીરની ગણત્રીમાં ગણાઇ ખુશી થાઉં છું. પણ તેથી મહારા આત્માનો જે વાસ્તવીક ગુણ મ્હારે પ્રગટ કરવો જોઇએ. તે પ્રગટ કરવાનું લક્ષબિંદુ હું ચૂકી જાઉં છું. એવી ભૂલ હવેથી નહીં કરવા હું સદા જાગૃતી રાખીશ, અને એ ધન દ્વારા મ્હારા આત્માની ઉન્નતિ કરીશ.

હું મ્હારા દેહ ઉપર મમત્વભાવ રાખી તેને સુખી રાખવા હંમેશ પ્રયત્ન કરી રહ્યો છું. એ દેહ શેનો બનેલો છે ? એ વિચાર મ્હારા મનમાં ઉત્પન્ન થાય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું મુંઝાઉં છું. ઉપર આપણે વિચાર કરી ગયા કે માતાનાં રૂધિર અને પીતાના વીર્યમાં પ્રથમ ઉત્પન્ન થયો. તો શું એજ મ્હારા શરીર રચનાનું બીજ છે ? હા તેમ છે. આજે સ્થૂલ શરીર જેને ઔદારિક શરીર કહે છે. ગર્ભમાં જીવ ઉત્પન્ન થયા પછી સમયે સમયે જીવ આહાર લે છે. અને આહાર ગૃહણ કર્યા પછી શરીર, ઇંદ્રિ, શ્વાસોશ્વાસ ભાષા અને મનની અને અંગોપાંગની રચના કરે છે એ ઉપરથી એટલી વાત મ્હારા ધ્યાનમાં આવે છે કે, હું જે સારો અથવા હલકો, ભક્ષ્ય અથવા અભક્ષ્ય જેવો આહાર લેઉં તેની અસર આખા શરીર ઉપર થવાની. તો મ્હારે મ્હારૂં શરીર સારૂં અને નિરોગી રાખવું હોય તો આહાર પાણી નિર્દોષ, સ્વચ્છ, અને પવિત્ર અને પથ્ય વાપરવા જોઇએ. આહાર કરવાનું કારણ શરીરની શક્તિ ટકાવવા તથા વધારવાનું છે. એ વાત આહાર કરતી વખતે મ્હારા અને મ્હારા કુટુંબના લક્ષ ઉપર રહેતી નથી. ફક્ત જીવ્હા (રસના) ઇંદ્રિના પોષણના માટેજ આહાર કરૂં છું, ભોજન અથવા ખાદ્ય પદાર્થ સ્વાદિષ્ટ અને મધુર કેમ બને. કે જેથી જમતી વખતે ખરી લહેજત આવે એ તરફજ હું લક્ષ રાખું છું. સ્વાદિષ્ટ ભોજન પચાવવાની શક્તિનો ખ્યાલ કર્યા સિવાય અતિશય લાલસાથી મર્યાદાથી વધુ ખોરાક લઉં છું. તેમજ વિવિધ જાતિના પીવાના પદાર્થો હું વાપરૂં છું. પણ તેની અસર મ્હારા શરીર ઉપર કેવી થશે તેનો હું વિચાર કરતો નથી. એમાં શરીર રચનાની મ્હારી અજ્ઞાનતા સિવાય મને બીજું કાંઇ જણાતું નથી. કેટલીક વખતે મ્હારા મિત્રો અને સગાઓ ઉત્તમ પકવાનાદિ ભોજનના પ્રસંગે અતિ આગ્રહથી વધુ પ્રમાણમાં ખવરાવવા દબાણ કરે છે. અને તેમની શરમની ખાતર હું તેમના દબાણના તાબે થાઉં છું. એમાં અમો બન્ને ભૂલ કરીએ છીએ. એમ તે વખતે અમને લાગતું નથી, પણ પાછળથી તેનું માઠું પરીણામ મ્હારે વિવિધ દુ:ખરૂપે ભોગવવું પડે છે. શરીરની શક્તિનો વિચાર કર્યા સિવાય બેદરકારી અને રસના ઇંદ્રિની લાલસાથી હું જે વિવિધ આચરણ કરૂં છું તે શરીર લગાર પણ સહન કરી શકતું નથી. તો મ્હારે શરીરરચનાથી પુરતા વાકેફગાર થવું જોઇએ અને શરીરને બાધા પીડા ન ઉપજે એવી રીતે મ્હારે ખાન પાનનો ઉપયોગ રાખવો જોઇએ.

મેં આ ભવનો જન્મ લીધો તે વખતે તો આ ઔદારિક શરીર રૂપેજ જન્મ લીધો હતો. આ શરીરના મૂળ રૂપે તો મ્હારૂં જન્મ વખતનું શરીર ઘણુંજ ન્હાનું હતું, એ ન્હાના શરીર સિવાય હું કાંઇ પણ લઇને આવેલો નથી. છતાં આજે મ્હારી પાસે ધન ધાન્ય અને પરિવાર જોઉં છું એની પ્રાપ્તિ થવામાં કારણ રૂપે મ્હારૂં પોતાનું પરાક્રમજ છે કે બીજો કંઇ હેતુ છે ? હમેશા મારૂં માનવું એવું થાય છે કે, આ બધું મેં પેદા કર્યું છે. અને તે માહારૂં છે સામાન્યતામાં કંઇ ભુલ થાય છે કે કેમ ? હા. એમાં ભૂલ થાય છે. એ બધી પ્રાપ્તિનું કારણ જીવોનું પરાક્રમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલુંજ હોય તો પછી દરેક માણુસ પોતાના પરાક્રમ બળે તે સર્વ પોતાની ઇચ્છા મુજબ મેળવી શકે. પણ તેમ તો તે બનતું નથી. જીવોની ઇચ્છા અને તે પરાક્રમ કરવાને પ્રબળ પરાક્રમ છતાં ઇચ્છીત વસ્તુ મેળવી શકતા નથી. તેથી એમ પ્રતિતી થાય છે કે તેમાં કંઇ ગુપ્ત કારણ હોવું જોઇએ. એ ગુપ્ત કારણ તે જીવોના પુર્વોપાર્જીત શુભા શુભ કર્મો છે. જે કર્મો સહિત જીવ જન્મ લે છે, એ શુભાશુભ કર્મ કયાં રહેતાં હશે ? જીવ જે બે શરીર સહ માતાના ઉદરમાં આવે છે તે પૈકી એક તેજસ અને બીજું કાર્મણ તે બન્ને આત્મ પ્રદેશની અંદર મળીને રહે છે. એ કાર્મણ શરીરજ શુભાશુભ કર્મ પુદ્‌ગલોનું બનેલું છે, એ શુભાશુભ કર્મ પુદ્‌ગલો તેનો કાળ પરિપકવ થવાથી ઉદયમાં આવે છે. તે વખતે તે તે કર્મો અનુસાર તેને બુદ્ધિ થાય છે. અને બીજી સામગ્રીનો તેને સંયોગ થાય છે. આજે ધન ધાન્યાદિ સામગ્રીનો મને સંયોગ થયો છે, તેનો કુદરતના નિયમ પ્રમાણે વિયોગ પણ થવાનોજ. કાંતો તે મ્હારી પાસેથી જતી રહેશે, અથવા હું તેને છોડીને ચાલ્યો જઇશ. તેથી એ સંયોગ વિયોગરૂપ સામગ્રીના યોગે મ્હારે અભિમાન ધરવું યોગ્ય નહી, પણ તેના ઉપરથી મૂર્છા કમી કરી બને તેટલો તેનો સદુપયોગ કરી લેવો જોઇએ.

મ્હારા પોતાના સ્વઓળખાણ સંબંધે સૂક્ષ્મ વાતો ઘણી જાણવા અને વિચારવા જેવી છે. તે પૈકી એક મહત્વની વાતનો મ્હારે વિચાર કરવાનો છે. તે એ છે કે હું જન્મ્યો તેની સાથે શું લઇને આવ્યો છું ? હું મરણ લઇને આવ્યો છું. જીવવું કેટલું એનું પ્રત્યક્ષ જ્ઞાન અતિશય જ્ઞાની સિવાય બીજાને હોઇ શકે નહીં. આયુષ્ય કર્મના દળીયાના વિપાકોદય થઇ તે તમામ ભોગવાઈ ગયા કે જન્મેલાનું મરણ તો થવાનું નકી જ છે. ત્યારે શું મરવાનો ? હાં. કોઈપણ એક વખત હું મરણને શરણ થવાનો એ વાત નક્કી છે. જે વખતે મ્હારૂં આયુષ્ય પૂર્ણ થશે. અથવા મ્હારા જીવન ઉપર અકસ્માતાદિ હુમલા થઇ હું મરણને શરણ થઇશ તે વખતે મ્હારો જીવ આ ઔદારિક શરીર છોડી બીજે કોઈ ઠેકાણે જવાનો એ નકકી જ છે. એથી બચવાનો કંઇ રસ્તો છે ? ના. ત્યારે આ ધન દોલત કુટુંબ પરિવાર બધું જેને હું મ્હારૂં માનું છું તેનું શું ? તે તો બધું અહીંજ રહેવાનું, મ્હારી સાથે તેમાંનું કંઇપણ આવવાનું નહીં, ત્યારે એ બધાને હું મારૂં માનું છું તે શા કારણથી ? તેનું નામજ મોહ છે. હું અને મ્હારૂં એ મોહરાજાના મંત્ર છે. મોહ જીવને મુંઝાવી નાંખે છે. વાસ્તવીક જે પોતાનું નથી તેમાં પોતાપણું મનાવે છે. જે પોતાનું નથી તેમાં પોતા પણાની બુદ્ધિ ઉત્પન્ન કરીને મેળવવાને માટે જીવનનો ઘણો ભાગ તેમાં વ્યતીત કરાવે છે. ત્યારે મ્હારૂં શું ? જ્ઞાની માહારાજાઓ પોતાના આત્માને તથા આત્મ ગુણને પોતાના માને છે. અને તેને ઓળખવાને માટે પ્રયત્ન કરવો તેને કર્તવ્ય માને છે. જ્યારે એમ છે ત્યારે તે દિશા તરફ મ્હારો પ્રયત્ન કેળવાતો નથી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એજ મોહનો મહિમા છે. ત્યારે મ્હારે કરવું શું? કરવાનું એજ કે મોહનું યથાર્થ સ્વરૂપ સમજી જે વસ્તુ પરિણામે આત્માને ગુણ કર્તા નથી તેવી વસ્તુ મેળવવા ખાતર હું જે અન્યાયાદિ પાપાચરણ કરૂં છું તે નહી કરતાં ભગવંત મહાવીરની આજ્ઞાનુસાર માર્ગાનુસારીના ગુણો તથા શ્રાવકના એકવીશ ગુણો પ્રાપ્ત કરી શુદ્ધ ગૃહીધર્મ અથવા સાધુધર્મનું સેવન કરવું. ગૃહસ્થધર્મપાલનમાં મુખ્યત્વે ન્યાય સંપન્ન વૈભવ મેળવવા અને પાપરહીત પ્રવૃત્તિ કરવાનું લક્ષમાં રાખવું જોઇએ. તેની સાથે જીવનનો ઘણો ભાગ હું જે એ ખાતે કાઢું છું, તેમાંથી થોડો વખત બચાવી માહારા પોતાના આત્માને ફાયદો થાય, આત્મસ્વરૂપની ઓળખાણ થાય તેવા પ્રકારના તત્વજ્ઞાનના ગ્રંથોના શ્રવણ વાંચન અને મનનમાં વખત કાઢી સત્સમાગમ અને સદ્ગુરૂના સહવાસથી આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજવું જોઇએ.

મનુષ્ય જીવનનું સાધ્યબિંદુ આત્મિક પ્રગતિ યાને ઉન્નતિનું હોવું જોઇએ. કદિ ઉન્નતિ ન કરી શકાય તો પણ અધોગતિ ન થાય એવા પ્રકારનું જીવન મ્હારે ગુજારવું જોઇએ. જો એ સાધ્યબિંદુ ચુકી જાઉં અને કંઇ પણ ધોરણ વગરનું જીવન પુરૂં કરૂં તો તેનું પરિણામ મ્હારા પોતાનાજ હકમાંજ નુકશાન કર્ત્તા છે, એ વાત મ્હારે હંમેશા ધ્યાનમાં રાખવી જોઇએ. મનુષ્યજીવનની સાર્થકતા સમ્યગ્ જ્ઞાન પુર્વક ઉચ્ચ પ્રકારના ચારિત્રમાં છે. ગૃહસ્થ જીવનને છાજતા ઉચ્ચ પ્રકારના ચારિત્ર લાયક ગુણો મ્હારે મેળવવા જોઇએ. જો હું તેવા ગુણો પ્રાપ્ત નહીં કરૂં તો મ્હારો આત્મા ઉન્નતિના પ્રદેશ તરફ પ્રયાણ કરવાને લાયક બનશે નહીં. હું જે ઉચ્ચ પ્રકારના ગુણ ખીલવીશ તે ગુણો આગામી ભવમાં ઉન્નતિક્રમમાં આગળ વધવાને ઘણા સહાયભૂત થશે. નહીં તો સંસારનો પાર આવવાનો નથી. મનુષ્યજીવનમાં ઉચ્ચ પ્રકારનું ચારિત્ર ઘડવાને માટે જેટલા સંજોગો અને સાધન સામગ્રીની અનુકૂળતા છે તેવી બીજી ગતિમાં નથી એ વાત વીસારી મુકવા જેવી નથી.

વકીલ નંદલાલ લલ્લુભાઇ, વડોદરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બ્રહ્મચર્ય અથવા ઇન્દ્રિય નિગ્રહનો અદ્ભુત મહિમા અને તેથી થતા અનેક ઉત્તમ ફાયદા.

## તથા અબ્રહ્મસેવન ( ઇન્દ્રિય પરવશતા ) યા કુશીલતાથી થતા અનેક ગેરફાયદા.

લેખક–સદ્‌ગુ૦ કર્પૂરવિજયજી.

પરસ્ત્રી ગમન તથા વેશ્યા ગમનાદિકથી થતી અનેક પ્રકારની ખુવારી જાણીને ડહાપણથી તે તે દુષ્ટ બદીઓનો તરત ત્યાગ કરવો જોઇએ, સ્વઇન્દ્રિય–નિગ્રહ સમું કોઈ સુખ નથી, અને ઇન્દ્રિય પરવશતા સમુ કોઇ દુઃખ નથી.

એક એક ઇન્દ્રિયની પરવશતાથી પતંગ, ભંગ, મીન, હરણ, અને હાથી પ્રમુખ મરણાન્ત દુઃખ પામે છે, તો પાંચે ઇન્દ્રિયોને પરવશ પડેલા જીવોના કેવા હાલ થાય ? તે જરૂર વિચારવું જોઇએ. જે પરઆશાના પાશમાં પડેલા છે તે જગત્ માત્રના ઓશીયાળા થઈ રહે છે. પણ જે પરઆશાથી મુક્ત થઇ નિઃસ્પૃહ બને છે તેનું દાસત્વ આખી દુનીયા કરે છે. તેમાંથી પસંદ પડે તે માર્ગ આદરો. સુખ સહુને ગમે છે પણ સુશીલતા વડે જ તે પ્રાપ્ત થઇ શકે છે. દુઃખથી સહુ ડરે છે પરંતુ કુશીલ દુઃશીલ જનો તેથી છટકી શકતા નથી. રાવણ જેવા રાજવીના પણ કુશીલતાથી કેવાં માઠા હાલ થયા ? સુખના અર્થી જનોએ **સતી સીતા** અને **રામચંદ્ર** જેવા સુશીલ થવું જોઇએ. શીલ સદાચાર સમાન બીજું કોઈ શ્રેષ્ટ ભૂષણ નથી. શીલના પ્રભાવથી જંગલ મંગલ રૂપ થાય છે, અગ્નિ જળરૂપ થાય છે, સર્પ ફુલની માળ રૂપ થાય છે, વિષ અમૃત રૂપ થાય છે, અને શત્રુ મિત્ર રૂપ થાય છે. દેવો પણ સુશીલનું દાસત્વ કરે છે, શીલના પ્રભાવથી મંત્ર સિદ્ધિ થાય છે. ચોતરફ યશ કીર્ત્તિ વિસ્તરે છે, તથા અષ્ટ સિદ્ધિ અને નવ નિધિ પણ પ્રાપ્ત થાય છે.

અબ્રહ્મ સેવન ( વિષયીપણા ) થી નિવિડ પાપ બંધાય છે, સકળ સુકૃત્ય ( પુન્ય ) નો ક્ષય થાય છે અને સર્વ કંઇ વિપરીત થવા પામે છે. તેવી દુષ્ટ કુશીલતાથી તો સહુ કોઈ ભાઇ બ્હેનોએ સાવધાનતા પુર્વક દૂરજ રહેવું જોઇએ. સંત–મહંતો તો આત્માનંદી હોઈ ઉકત મહાવ્રતને ધારતાં છતાં વિષય સુખનો સર્વથા ત્યાગ કરે છે. તેઓ વિવિધ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં મુંઝાયા વગર સર્વદા સમભાવે રહે છે–રહી શકે છે.

સુશીલ ગૃહસ્થ સજ્જનો સ્વદારા ( પત્ની ) સંતોષીજ હોય છે, એટલે પરસ્ત્રી પ્રમુખને તેઓ માતા પુત્રી કે સહોદરા સમાનજ લેખે છે. ફકત ઓછી સમજને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમ અક્કલને લઇને મુગ્ધજનોજ ઉચિત મર્યાદાનો લોપ કરીને સ્વચ્છંદપણે વિહરતા કામાન્ધબની એવાં અનાચરણ કરે છે કે જેથી અહીં ઇજ્જતના કાંકરા કરી, ત્રસ્ત થઇને, બહુ દુઃખી થાય છે અને પરભવવમાં દુષ્કૃત્ય યોગે દુર્ગતિમાં પડી ભારે વિટંબતા પામે છે.

યતઃ—" કાયનું સુકૃત્ય જાય, ગાંઠનું તો ગર્થ જાય, સ્વનારીનો સ્નેહ જાય, રૂપ જાય રંગથી; ઉત્તમ સહુ કર્મ જાય, કુળના સહુ ધર્મ જાય, ગુરૂજનની શર્મ જાય, કામના પ્રસંગથી; ગુણાનું રાગ દૂર જાય, ધર્મ પ્રીતી નાશ થાય, રાજાથી પ્રતીત જાય, આત્મ બુદ્ધિ ભંગથી; જપ જાય તપ જાય સંતાનોની આશ જાય, શિવપુરનો વાસ જાય, વેશ્યાના પ્રસંગથી. ૧

કુલટાસ્ત્રીનો સંગ–પ્રસંગ જેમ શુશીલ જનોએ તજવાનો છે, તેમ લંઠ કુશીલ જનોનો સંગ–પ્રસંગ પણ સુશીલ બ્હેનોએ સાવચેતીથી જરૂર તજવાનો છે.

સુશીલતાથીજ સર્વ યોગ ક્ષેમ સંપજે છે, અને કુશીલતાથી તો તેનોજ ક્ષય થાય છે. એમ સમજીકુશીલતા તજી, સુશીલતા આદરવા સહુ ઉજમાળ બનો. જેથી સંપૂર્ણ સુખ–સમાધિ સહેજે આવી મળે. ઇતિશમ.

# બ્રહ્મચર્ય અથવા સુશીલતાને સેવવાની ભારે જરૂર.

## સ્વપર ઉન્નતિ ઇચ્છનારાઓએ બ્રહ્મચર્યનું યથાર્થ પાલન કરવા ચૂકવું નહિ જોઇએ.

લેખક—સદ્‌ગુણાનુરાગી કપૂરવિજયજી (પાલીતાણા.)

શુદ્ધ—પવિત્ર—નિષ્પાપ થવું કોને ગમતું નહી હોય ? સહુ કોઇને તે ગમેજ. વિશુદ્ધ વિચાર વાણી અને આચારના સંમેલનથીજ શુદ્ધ નિષ્પાપ થઇ શકાય છે. બ્રહ્મચારીનું તો એ ખાસ કર્ત્તવ્ય છે.

નિર્દોષ, ક્ષમા, મૃદુતા, સરલતા, સંયમ, તપ અને સંતોષાદિક ધર્મજનિત આત્માના સ્વાભાવિક સુખમાં રમણતા રૂપ શુદ્ધ નૈષ્ઠિક બ્રહ્મચર્યની સિદ્ધિ માટે ઉત્તમ ભાઇ બ્હેનોએ નિજ બળ વીર્યનું જેમ બને તેમ ચિવટથી સંરક્ષણ કરતા રહેવાની ભારે જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચપળ મન અને ઇન્દ્રિઓને વશ થઇ નહીં જતાં—તેના પ્રલોભનોમાં ફસાઇ નહીં જતાં સ્વપરના હિત–શ્રેય અર્થે તેમને અંકુશમાં રાખનારા બ્રહ્મચર્યને સારી રીતે સાધી શકે છે.

શુદ્ધ બ્રહ્મચર્યનો મહીમા વર્ણવી ન સકાય એવો અગમ અને અપાર છે. બ્રહસ્પતિ સરખા પણ તેને દાખવી શકયા નથી.

બ્રહ્મચર્યના સંસેવનવડે સ્વજીવન તત્વ ( Vitality ) ટકી રહે છે. નિર્મળ જ્ઞાન અને શ્રદ્ધાની વૃદ્ધિ થાય છે. સ્વચારિત્ર્યની રક્ષા શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે; જગતમાં પુષ્કળ યશોવાદ થાય છે; ઇન્દ્રાદિક દેવો પણ પ્રેમભર પ્રણમે છે, અને અંતે અક્ષય અનંતસુખ સમૃદ્ધિને પણ પામે છે. આવું પ્રભાવશાળી બ્રહ્મચર્ય સુ–ખના અર્થી સહુ કોઇએ અવશ્ય પાળવું જોઇએ. તેના વડે દીર્ઘ આયુષ્ય, સુંદર આકૃતિ, મજબુત અને સહનશીલ શરીર, પ્રબલ પુન્યપ્રકૃતિ અને ઉત્તમ ઓજસ પ્રમુખ ઉદ્દભવે છે, વળી એના પ્રભાવથી પેદા થનારી પ્રજા પણ સર્વે વાતે સુખી સદગુણી અને પ્રભાવશાળી બની આ લોકનું તેમજ પરલોકનું હિત સહેજે સાધી શકે છે.

શુદ્ધ શીલનું યથાર્થ પાલન કરવાથી પૂર્વે અનેક સાત્વિક સ્ત્રી પુરૂષો એવી ઉંચી કોટીને પામેલાં છે કે તેમના આલંબનથી કઇક ભવ્યાત્માઓ સુખી–સદ્દગુણી બની અન્ય અનેક જીવોને ઉન્નતિના માર્ગમાં સહાય રૂપ થયા છે. એ બ્રહ્મચર્ય–વ્રત અન્ય અનેક સદ્દગુણોને મેળવી આપે છે. તેથી ખરા સુખના અર્થી દરેક ભાઇ બ્હેને તેમાં અત્યંત આદર કરવો ઉચિત છે. સ્વાભાવિક સુખને મેળવવા ઇચ્છનારાઓએ તુચ્છ વિષય સુખવાળી પશુવૃત્તિ ( વિષય લોલુપતા ) નિવારીને, સંતોષ વૃત્તિને દ્રઢ-તાથી સ્વીકારી મન તથા ઇન્દ્રિયોનો યથાર્થ નિગ્રહ કરીને આત્મામાં છુપું રહેલું અનંત' અતુલ, સ્વાભાવિક બલ–વીર્ય પ્રગટ કરવા ખુબ પ્રયત્ન કરવો જોઇએ. સુજ્ઞ જનોએ તો તેમાં લગારે પ્રમાદ કરવો ઘટે નહીં.

એ રીતે પ્રગટ થતા બલ પરાક્રમ વડે અનેક અચિંત્ય ઉત્તમ ઉપયોગી કાર્યો અનાયાસે સિદ્ધ કરી શકાશે. બ્રહ્મચર્ય એજ સર્વ સુખની ચાવી–કુંચી છે.

ઇતિશમ.

તા૦ કે૦—સમયને સારી રીતે ઓળખી તે મુજબ પ્રમાણિકપણે ચાલનારા સહૃદય નેતાઓ નૈતિક બળમાં નબળી બની ગયેલી આપણી પ્રજાને ઉન્નત બનાવવા, મન વચન કાયાથી બ્રહ્મચર્યનું પાલન કરવા વડે સ્વ વીર્યની સારી રીતે રક્ષા કરીને તે વીર્ય–શકિતનો સારામાં સારો ઉપયોગ કરવા ખુબ જોર શોરથી સહુને ભલા-મણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી તીર્થંકર ભગવાનના કલ્યાણક ઉજવવાનો પ્રસંગ.

## જયન્તિ અને કલ્યાણકની એકતા.

**ભવ્ય સુજ્ઞો !** પ્રમાદ ત્યજો અને આર્થિક સ્થિતિ ઉન્નત કરવાની સાથે સાથે ધાર્મિક દશાને પણ ધ્યાનમાં લ્યો. આજના જમાનામાં **જયન્તિ** શબ્દ આબાલ ગોપાળ પ્રસિદ્ધ છે ત્યારે **કલ્યાણક** શબ્દને આપણામાંની બહુ જુજ વ્યકતીઓ સમજતી હશે. બન્ને શબ્દનો માયનો તાત્પર્યરૂપે એકજ **જયન્તિ** શબ્દ જ્યારે સર્વોત્કર્ષ બતાવે છે ત્યારે **કલ્યાણક** શબ્દ ત્રણ જગતના જીવોને સુખ આપવાનો ઉત્કર્ષ બતાવે છે, આ બાબત **नारका अप्य मोदन्त यस्य कल्याण पर्वसु** એ વચનથી શાસ્ત્રસિદ્ધજ છે, આ સર્વોત્કર્ષનું નામજ **જયન્તિ** કહો કે **કલ્યાણક** કહો બન્ને તાત્પર્ય રૂપે એકજ છે. ગુર્વાદિક મહાપુરૂષોની જયન્તિ ઉજવવામાં પણ વિવક્ષિત સદ્‌ગુણ વિષયકજ ઉત્કર્ષ બતાવવાનો ઈરાદો રખાય છે, સર્વોત્કર્ષનો વીતરાગ ભગવાનનોજ દર્શાવાતો હોવાથી ખાસ પારિભાષિક **કલ્યાણક** શબ્દથી તેનો વ્યવહાર કરાય છે, આ ઉપરથી સમજી શકાશે કે **જયન્તિ** જ્યારે સાધારણ અસાધારણ ગુણો માટે ઉજવાય છે ત્યારે **કલ્યાણક** અસાધારણ ગુણો માટેજ ઉજવાય છે.

## જયન્તિ અને કલ્યાણકની ભિન્નતા.

જ્યારે **જયન્તિ** ઉજવવાનો રીવાજ સર્વ સાધારણ થઈ પડેલો છે, ત્યારે કલ્યાણકને જેઓએ ચાર ઘાતિકર્મક્ષય કરી કૈવલ્ય દ્વારાએ 'લોકાલોકના ભાવ જાણી સમ દૃષ્ટિથી સર્વ વર્ણોને અને દેવાદિને બોધ આપી તીર્થંકરપણું સાર્થક કર્યું તેને માટેજ ઉજવી શકાય છે, આજ **જયન્તિ** અને કલ્યાણક એ બન્નેનો ઉદ્દેશ વિષયક ભિન્નતા હોવાથી પ્રત્યક્ષ ભેદ છે, કલ્યાણક ઉજવવાથી શું લાભો છે તે હવે તપાસીયે—

## કલ્યાણક ઉજવવાનો પ્રકાર.

કલ્યાણકોના મેલાવડા કરવાથી તીર્થંકર મહારાજાઓમાં કયા કયા કૈવલ્યઆદિ અસાધારણ ગુણો હતા ? તે ગુણો તેઓએ કેવી રીતે મેળવ્યા ? તેમનું વર્તન અને કથન કેટલું વિલક્ષણ અને અસાધારણ પણે અવિસંવાદી હતું ? તે જાણવાનું અને કાલાનુસાર તેનું કેટલેક અંશે અનુકરણ કરવાનું બની શકે છે, હાલના સમયમાં વ્યાપારનું પ્રવૃત્તિ વિલક્ષણ હોવાથી ફુરસદ બહુજ કમ મળવાથી હંમેશાં ચાલતા પૂજાદિ કાર્યોમાં લાભ લઈ બોધ મેલવવાનું અલ્પ જીવોથી બની શકે છે ત્યારે ખુદ પોતાના ઈષ્ટ દેવના સદ્‌ગુણો અને તેનું ચરિત્ર જણાવી ઉછરતા જૈન વર્ગમાં આસ્તિકતા જમાવવાને માટે આવા મેલાવડાની જરૂરીઆત સુજ્ઞ જનો જોઈ શકશે. કલ્યાણક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉજવવાને માટેનોપુરાવો જો કે મૂલ આગમમાંજ છે છતાં પણ ૧૪૪૪ ગ્રંથકર્ત્તા જેને થયે ૧૫૦૦ લગભગ વર્ષો વીતી ગયાં છે તે અસાધારણ વિદ્વાન્ હરિભદ્રસૂરિજી મહારાજ યાત્રા પંચાશકમાં કલ્યાણુકનો વિષય કઇ રીતે પોષે છે ? અને અન્ય દિવસનાધર્મકૃત્યો કરતાં કલ્યાણુકના દિવસે કરાતાં ધર્મકૃત્યોપર ગાથામાં તુ શબ્દ મેલી કેટલો ભાર મૂકે છે ? અને તેજ ગાથાના ટીકાકાર નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિજી તે ઉલ્લેખનું ચમત્કારિક સ્પષ્ટીકરણ પોતાની ટીકામાં કેવી ખુશીથી આપે છે ? તે આ નીચે યાત્રાપંચાશકની ગાથાઓનું તથા ટીકાનું ભાષાંતર આપીને પ્રદર્શિત કરેલ છે તે વાંચવાથી સુજ્ઞજનોને જણાશે.

ટીકા તેના અભ્યાસીએ તે ગ્રંથમાંથી વાંચી લેવી.

પંચાશકકાર મહાત્મા કહે છે કેઃ—

## गाथा.

ता रह निरकमणादिवि, ए ए उ दिणे पडुच कायव्वं ।
जं ए सो खलु विसओ, पहाणमो ती ए कीरियाए ॥
विसय पग्गरिस भावे, किरियामे त्तंपि बहु फलं होइ ।
सक्किरिया विहू न तहा, इयरम्मि अवियरागिव्व ॥
तित्थगरे बहूमाणो, अभ्भासो तहय जीय कप्पस्स ।
देविंदादि अणुगिती, गंभीर परूवणा लोए ॥
वण्णो य पवयणस्सा इयजत्ताए णियमेणं ।
मग्गाणुसारि भावो, जायइ एत्तो च्चिय विसुद्धो ॥

## ક્ષેપકસાર.

“ જિનેશ્વરોના કલ્યાણુકોના દિવસે રથયાત્રાદિ મહોત્સવો કરવાથી તેના જોનારા અનેક ભવ્યાત્માઓને તીર્થંકરપર, તેમના શાસનપર અને જિનેશ્વર મહારાજે પ્રરૂપેલા ધર્મ ઉપર ભકિત, પ્રેમ અને અનુપમ બહુમાન ઉછળે છે. માટે આસ્તિક જનોએ કલ્યાણુકના દિવસે રથયાત્રા, પૂજા, પ્રભાવના આદિ જિનભક્તિના કાર્યો અવસ્ય કરવા–કારણ કે અન્ય દિવસોની અપેક્ષાએ કલ્યાણુકના દિવસો ધાર્મિક કાર્યો માટે અતિ પ્રશસ્ય છે. ”

ટીકાકાર મહારાજા ઉપરની હકીકતને પુષ્ટિ આપતા સતા એટલું વિશેષ કંઈ કહે છે કે—“ કલ્યાણુક સિવાયના દિવસો અનાગમોક્ત હોવાથી યથાર્થ પૂર્ણ ફળદાયિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતા નથી પરંતું કલ્યાણક આદિના દિવસે ખાસ આગમોક્ત હોવાથી અધિક આરાધનીય છે તે દિવસે કરેલું થોડું પણ ધર્મકૃત્ય મહાફળદાયી થાય છે. "

આજ હકીકતને પુષ્ટિ આપતાં મૂળ ગ્રંથકાર કહે છે કે–" જેમ ઉચિત વૃષ્ટિ આદિના સંયોગે અલ્પ પણ ખેતી અધિક ફળ આપે છે અને ઉચિત વૃષ્ટિ આદિના અભાવે અધિક પણ ખેતી નિરર્થક થાય છે તેમ ઉત્તમ દિવસોએ કરેલી થોડી પણ ધાર્મિક આરાધના અને દ્રવ્યનો વ્યય ભવ્ય જીવોને અતુલ ફળ આપે છે. આ હકીકતને વધારે પુષ્ટ કરતાં ટીકાકાર કહે છે કે–" જેમ અવીતરાગ પુરૂષમાં ગુણ પ્રકર્ષનો અભાવ હોવાથી તે પુરૂષને પ્રધાનપણે કલ્પી તેની પૂજા ઉત્સવાદિ કરવામાં આવે તો તે યથેષ્ટ ફળ આપવામાં અસમર્થ બને છે, તેજ પ્રમાણે કલ્યાણકાદિ શાસ્ત્રોક્ત દિવસોને તજી દઇને અન્ય દિવસે કરાતા પૂજા ઉત્સવાદિમાં પોતાની કલ્પનાની મુખ્યતા અને સર્વજ્ઞ આજ્ઞાનો અનાદર અલ્પાદર હોવાથી તે ઇચ્છિત ફળદાયક થતા નથી. તેથી શાસન પ્રેમીઓએ કલ્યાણકાદિ દિવસોએજ બહુધા પૂજા પ્રભાવના ઉત્સવાદિ કરવા કે જેથી સ્વપરને અમોઘ ફળદાયી થાય. "

આ હકીકતની પુષ્ટિમાં વળી ગ્રંથકાર મહાત્મા કહે છે કે–" જિનેશ્વરોના જન્મ આદિ કલ્યાણકોના દિવસે અથવા તેવા બીજા શાસ્ત્રોક્ત ઉત્તમ દિવસોએ રથયાત્રા, પૂજા, પ્રભાવના વિગેરે ઉત્સવો કરાય તો તે જોઇને અન્યદર્શનીઓને પણ તીર્થંકરાદિ ઉપર બહુમાન ઉપજે છે. અને તેવા તથાવિધ ધર્મ સ્નેહદ્વારા પરિણામે સત્યધર્મને પણ પામે છે. પૂર્વ પુરૂષોએ બાંધેલી પ્રણાલિકાનું અનુકરણ થાય છે. ઇંદ્રાદિક દેવ પણ તે દિવસોએ મહોત્સવાદિ કરે છે તેથી તેઓના સમ્યગાચારનું પણ અનુકરણ થાય છે. ભવ્યજીવો તેની સવિશેષ અનુમોદના કરે છે તેથી તેમને માર્ગાનુસારીપણું પ્રાપ્ત થાય છે અને કેટલાએક જીવોનું સમકિત પણ નિર્મળ થાય છે. "

આ ઉપરથી સુજ્ઞજનો સમજી શકયા હશે કે કલ્યાણક સિવાયના દિવસોમાં કરેલા ધર્મકૃત્ય અને દ્રવ્યનો સદ્વ્યય ત્યારેજ ઉપયોગી થાય છે કે જ્યારે કલ્યાણકના દિવસમાં ખાસ ધાર્મિક અને શાસન પ્રભાવનાના અપૂર્ણ ઉલ્લાસથી અને અસાધારણ દ્રવ્ય વ્યયથી કરવામાં આવે. લૌકિક નીતિ પણ તેવીજ હોય છે, એક સદ્ગૃહસ્થ વિના પ્રસંગે લાખો રૂપિયા ધામધુમ કરી ખર્ચે અને જ્યારે પોતાને લગ્નાદિ પ્રસંગ આવે ત્યારે કંઈ પણ તેવો વ્યય કરે નહીં તો તે આદર પાત્ર બની શકતો નથી તેમજ શાસ્ત્રકારની અપેક્ષાએ કલ્યાણકના દિવસનું સ્મરણ માત્ર પણ ન કરનાર અને તેમાં અપૂર્વ વીર્યોલ્લાસ ન બતાવનાર અન્ય દિવસમાં ઘણી ધામધુમો તેમજ રથયાત્રાદિ કર્યા છતાં પણ આત્મિક ગુણનો પૂર્ણ લાભ પામી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક તીર્થંકર મહારાજના પાંચ પાંચ કલ્યાણકજ હોય છે " ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ. " વર્તમાન ચોવીશીમાં ૧૨૦ કલ્યાણક ઉજવવાની શક્તિના અભાવે પણ વર્તમાન તીર્થાધિપતિ શ્રી મહાવીર મહારાજાના પાંચ કલ્યાણક તો નાના મોટા દરેક જૈન વસ્તીવાલા ક્ષેત્રમાં ઉજવવાજ જોઇએ. શ્રી સિદ્ધાચળ જીમાં તો શ્રી પાલીતાણા શહેરમાં શ્રી મહાવીર ભગવાનના પાંચ કલ્યાણક ઉજવવાની સાથે ગિરિરાજ ઉપર શ્રી ઋષભદેવ ભગવાનનાં પાંચ કલ્યાણક ઉજવવાની આવશ્યકતા હોવાથી નીચે લખ્યા મુજબના દિવસે ઉજવવા જોઇએ, જેનો લાભ સુજ્ઞજનો પોતાની ઉદારતા દર્શાવવા દ્વારાએ આખી જૈન કોમને આપશે, કહેવાની જરૂર નથી કે જ્યારે પોતાના ક્ષેત્રમાં કરેલા દ્રવ્યના સદ્વ્યયનો લાભ બહોલતાએ તેજ ક્ષેત્રવાલાઓ લઇ શકે છે. ત્યારે આવા અપૂર્વ તીર્થ સ્થળમાં કરેલા સદ્વ્યયનો લાભ અવર નવાર આખી જૈન કોમ લઈ શકે છે.

કલ્યાણકના દિવસો—

રૂષભદેવ પ્રભુના પાંચ કલ્યાણકના ચાર દિવસો આ પ્રમાણે છે—

જેઠ વદિ–૪ ચ્યવન ! ફાલ્ગુન વદિ–૮ જન્મ અને દિક્ષા, મહાવદિ ૧૧ કૈવલ્ય ! પોષ વદિ–૧૩ નિર્વાણ

મહાવીર પ્રભુના પાંચ કલ્યાણકોના દિવસો.

અશાડ શુદિ ૬. ચ્યવન, ચૈત્ર શુદિ ૧૩ જન્મ ! કાર્તિક વદી ૧૦ દિક્ષા વૈશાખ શુદિ ૧૦ કૈવલ્ય આશ્વિન વદિ અમાસ્યા નિર્વાણ.

શ્રી ઋષભદેવ ભગવાનના પાંચે કલ્યાણકો શ્રી શત્રુંજયતીર્થ પરની નવ ટુંકમાં આંગી તેમજ મ્હોટી ટુંકમાં પૂજા, ભાવના, રથયાત્રા વગેરેની વ્યવસ્થા કરવામાં આવશે, તેમજ શ્રી મહાવીર પ્રભુના પંચ કલ્યાણક મહોત્સવ વખતે જાહેર ખબર છપાવી પાલીતાણામાં જે વિદ્વાન ત્યાગી મહારાજ હાજર હોય તેમના પ્રમુખપણા નીચે મેળાવડો, ભાષણો, તેમજ આંગી પૂજા ભાવના વગેરેથી કરવામાં આવશે.

મહાનુભાવો ! બુદ્ધના ભકતોની તથા પ્રકારની વસ્તિ હિંદુસ્તાનમાં નહી છતાં પણ જ્યારે હજારો માઇલોથી આવી તેના ભકતો અગ્રે તેની જયન્તી ઉજવવાનો લાભ લે છે, ત્યારે જે તીર્થંકરની લાખોની સંખ્યામાં રહેલી ભકત કોમ આજ દેશમાં કલ્યાણક ઉજવવાને ઉજમાલ નથાય, એટલુંજ નહીં પણ તે કલ્યાણકના દિવસોનું જ્ઞાન માત્ર પણ ન ધરાવે એ કેટલું શોચનીય છે. જ્યારે પોતાની જાતની અને પોતાના બાલ બચ્ચાંઓની વર્ષગાંઠ ઉજવવામાં ઉજમાલપણું રહે ત્યારે આવા અપૂર્વ તીર્થમાં તીર્યાધિરાજ શ્રી ઋષભદેવ ભગવાનની વર્ષગાંઠ અને કલ્યાણકો તેમજ વર્ત–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માન શાસનપતિ શ્રી વર્દ્ધમાન સ્વામિનાં કલ્યાણકો ઉજવવામાં પ્રમાદ રહે એ શું વિચારણીય નથી ? માટે મહાનુભાવ સદ્દગૃહસ્થો ! ઉપરનો પ્રબંધ વાંચી તેને સંપૂર્ણ લક્ષ્યમાં લઇ અપૂર્વ વિર્યોલ્લાસથી લાભ લેવા ઉત્સુક બનો અને તે દ્વારાએ સ્વ અને પરને જ્ઞાનાદિ ગુણની વૃદ્ધિ કરનારા થાઓ.**

**તા૦ ક૦** આ કલ્યાણક સંબંધમાં વ્યવસ્થા માટે પુરતી માહીતી મેળવવા માટે એક દિવસને માટે મુંડીરૂપે કે વારા રૂપે રકમ આપવાની ઇચ્છાવર્તી વાળા ગૃહસ્થે પત્ર વ્યવહાર શ્રી પાલીટાણા શ્રી શ્રયસ્કર મંડળના સેક્રેટરીના નામે કરવો.

ઇતિશમ્.

## સાધુ મુનિરાજનું જીવન સ્વદેશી અને સ્વાવલંબી કેવી રીતે છે ?

**( એક મુનિમહારાજ )**

**આજ** કાલ વિદેશી સ્વદેશીનો પવન સર્વત્ર ફુંકાયો છે, જેમાં સાધુઓના ઉપર પણ આંગળીયો થતી જોવાય છે તો ખુલાસો થવાની જરૂરત છે જેથી સ્વદેશી વિદેશીનો ભેદ નહીં સમજનારને સમજણ પડે. જૈન સાધુઓનું જેટલું જીવન શાસ્ત્રાધિન છે તે બધું સ્વદેશી કહો, સ્વરાજ આશ્રીત કહો કે સ્વાવલંબી કહો, વિચાર પૂર્વક મળતું જ છે.

૧ સાધુઓની દિક્ષાથી માંડી મરણ પર્યંતની યાવત્ ક્રિયાઓ થાય છે તેમાં વિદેશીની ગંધ પણ જણાતી નથી.

૨ નિર્દોષ આહાર પાણી જે વિધિથી લેવાની શાસ્ત્રાજ્ઞા છે તેમાં પણ વિદેશીપણું નજરે આવતું નથી.

૩ પાત્ર પણ સ્વદેશી જ છે.

૪ મકાન પણ સ્વદેશી.

૫ સ્વારી કોઇ જાતની કરતા જ નથી એટલે એમાં સ્વદેશી વિદેશીનો અવકાશજ ક્યાં ?

૬ પદાર્થ ( પરિગ્રહ ) નો ત્યાગ જ છે.

૭ વ્યાપારનો પણ સર્વથા ત્યાગ જ છે.

૮ સીવેલાં વસ્રો વાપરતાં નથી એટલે ફેશનને તો જલાંજલી મળેલી છે.

૯ વાપરવાના વસ્રો પણ ઘણે ભાગે દેશી જ હોય છે, જેમકે કામળી શીયાળામાં ઓઢવાની પંજાબ વીગેરે દેશની બનેલી હોય છે.

૧૦ ખંભા ઉપર જે લાલપટાની કામળી નાંખવામાં આવે છે તે પણ વીકાનેરની પ્રાય: બનાવટ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૧ ચાદર–પાંગરણી કે ચોલપટ્ટાને માટે લુગડું મલમલ કે નેનસુખ હોય છે આટલામાં ગડબડ થતી હોય તો તે ના ન કહી શકાય, પણ સાધુઓને એ પરીક્ષા પ્રાયઃ થોડી હોય છે કે જે સમજી શકે; આતો અમુક ઠેકાણાનું કાપડ છે અને આ અમુક ઠેકાણાનું. તેની પાસેથી કોઇએ વેચાતી લેવું નથી તેમ તેને વેચવું પણ નથી, ફક્ત શરીર ઢાંકવાના કામમાં લઇ આખરે ચીંથરાના રૂપે ઠેકાણે કરવામાં આવે છે તો એક નકામી અને તે પણ

પરાશ્રયી ચીજને માટે આટલું ખેંચવામાં આવે અને ગ્રહસ્થો જે સર્વથા નહીં તો બાર આની ભાગ બિલકુલ વિલાયતી બુટલેલ જેવો નજરે આવે છે તેનું શું થાશે તે ધ્યાનમાં આવતું નથી. જે જે મુનિઓનાં નામ જાહેર આવ્યાં છે, ખુશીની વાત છે પણ એથી એમ નથી સમજી બેસવાનું કે એમના સિવાયના બીજા બધા વિલાયતી બની ગયા છે. જો ખરૂં કહેવાય તો જેનાં જેનાં નામો આવ્યાં છે તેઓનો સમુદાયની સાથે અમુક પ્રકારનો સંબંધ થોડોજ હશે અન્યથા સમુદાયની સાથે રહી સમુદાયના નાયકના નામથી અથવા જે કોઇ મ્હોટા હોય તેના નામથી જાહેરમાં આવે તો અવશ્ય તેની અસર સમાજ તેમજ બીજાઓ ઉપર સારી પડે એમાં શક નથી. શું કોઇ પણ સાધુને સાધુના વેષથી જે ઓળખવામાં આવે છે તે ઓળખાય નહિ એવા રૂપમાં કોઇએ જોયો છે ? ચાદર, દંડો, કામળી ( ખભે નાખવાની ધાબળી ) કે તરપણી સિવાય પગમાં મોજાં અને બુટ, માથે વિલાયતી ટોપી ,ગળામાં નેકટાઇ કમરમાં પાતલૂન, દૂરથી બુટલેલ જેવો બનેલો કોઇ સાધુ નજરે આવતો હોય તો તેને માટે જેટલા આક્ષેપો કોઈ કરે તે યોગ્યજ છે. પજુસણના દિવસોમાં શ્રીવીર ભગવાનના જન્મના ધવલ મંગળ વખતે કેટલેક ઠેકાણે શ્રાવકોનાં બાળકો ઓળખમાં નથી આવતાં કે આ અંગ્રેજના છે કે પારસીનાં છે કે દક્ષણીનાં છે કે સીંધીનાં કે હબસીનાં કે ચીનનાં ? કોનાં છે ? અવશ્યમેવ આવા સમયે સાધુઓએ બનતો ઉપદેશ આપવો ઘટેછે, પણ સાધુઓનો ઉપદેશ સાંભળી માન્ય કરવાળા તો પાછા એના એજ ઘમચક્ર છે, માટે જો ખરા સ્વદેશી બનવાની ઈચ્છા હોય તો પંદર કર્માદાન જે શાસ્ત્રકારોએ નિષેધ કરેલા છે તે પૈકી મ્હોટી મ્હોટી મીલો અને કારખાનાઓ ચલાવવાવાળાએ વિચાર કરવાની જરૂરત છે કે જેની હવાથી એ લોકોનો મગજ એટલો બધો સડી ગયો છે કે દેરાસર કે સાધુની પાસે જવાનું તો ગમતું નથી. શામાટે જાય ? જાય તો કોઇને કોઈ નિયમ કરવો પડે, કોઇ પર્વ કાર્યમાં જોડાવું પડે, કોઇ ઠેકાણે પાંચ પૈસા ખર્ચવા પણ પડે. એટલે હવે તો જેમ અમદાવાદ આદિ સ્થળોએ નાતવાળાઓએ મળીને કે પોળવાળાઓએ મળીને સત્યાનાસી ચાનો ઓટલો ઉખેડી ફેંકી દેવા પ્રયત્ન કર્યો છે, તેમ પ્રયત્ન થાશેતો પછી આપણા લોકો ગાડરીયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રવાહની માફક એક બીજાની પાછળ તણાતા બંધ થવા ટપોટપ બંદોબસ્ત કરી** નાત તરફથી એવો બંદોબસ્ત થવો જોઇએ કે લગ્નાદિ પ્રસંગમાં અમુક **અમુક** વેષ ન હોવો જોઇએ અને કોઇએ પેહેરેલો હોય તો ભલે પછી તે મ્હોટા નગર શેઠની શેઠાણી કેમ ન હોય ઝટ મંડલમાંથી વિદાય કરવી જોઇએ, જેથી બીજાઓને ધડો મળે, પણ આતો ગરીબ જોયો કે ચારે તરફથી બિચારાને સોટા પડવા લાગે અને અમીર જોવે તો આંખ આડા કાન કરી દીધા પછી બસ થઈ ચુકયું. આમ થવાથી કાંઈ બનતું નથી અને એજ માટે જાહેરમાં આવવું એકદમ ઠીક નથી સમજાતું. વિલાયતી ખાંડને માટે એક વખત કેટલી ધમાલ થઇ પડી હતી હાલ તેના તેજ ખાતા નજરે આવે છે.

આમ થુંકીને ચાટવું વા બોલીને ન પાળવું આનું નામ સત્યાગ્રહ ન કહેવાય. જો કે મેં તેત્રીશ વર્ષ થયાં દીક્ષા લીધી છે તે દિવસથી આજસુધી ચાનો એક પણ છાંટો મ્હારા શરીરે લાગ્યો નથી ત્યારે પીવાની તો વાતજ શી ? તેમ હું અવસર પામી વ્યાખ્યાનમાં પણ એની બુરાઇ જાહેર કરૂં છું. મ્હારા સહવાસમાં રહેલા સાધુઓ પણ બનતાં સુધી ન છુટકેજ કોઇ વખતે લેતા હશે તે પણ હું ઠીક નથી સમજતો. તેનું કારણ ફક્ત વિલાયતી ચીજ કે રિવાજને લઇનેજ નહીં. પણ શરીરને નુકશાન કરે છે, તે ઉપરાંત એના પ્રભાવે પ્રાય: પચ્ચખાણ વગેરેમાં પણ કેટલોક બાધ આવી જાય છે. સવારના પહોરમાંજ તરપણીઓ લઈ લોકોના ઘરે ભટકવું પડે છે, જ્યાં એ ચીજ મળે નહી ત્યાં વિહાર કરવો મુશ્કેલ થઈ પડે, કાંતો ચાના ભક્તો સાથે હોવા જોઇએ ઈત્યાદિ ઘણાં કારણો એવા છે જે સાધુઓને લાયકનાં નથી. માટે ચાની આદત સાધુઓને તો હોવીજ ન જોઇએ. મારી પોતાની એવી માન્યતા છે. જો ખરૂં કહાવો તો તમારા ગુજરાતી ચાભક્તોએજ લોકોને શું, અને સાધુ સાધ્વી ઓને શું પાયમાલ કરવાનો ધંધો શરૂ કરી રાખ્યો છે અને એ ચાના દાસ બની સાધુ સાધ્વિઓ પણ ઘણે ભાગે જે દેશમાં ચાનો રિવાજ નથી જેઓકે મારવાડ પંજાબ વગેરે તે ઠેકાણે વિહાર કરતા નથી; કદાપી તીર્થ યાત્રાના પ્રસંગથી જાવાનું થાય છે તો ઝટ યાત્રા કરી પાછા ગુજરાત તરફ મોઢું કરીલે છે, જેથી કેટલાક ગામોવાળા મારવાડી ભાઇઓ જે પરદેશમાં વ્યાપાર નિમિત્તે રહે છે, જાણીને પોતાના દેશમાં રોજતો નહી પીતા હોય, પણ ચા નહી મળવાથી મહારાજ જલદી વિહાર કરી દેશે એવા હેતુથી પોતે પીવી શરૂ કરી દે છે અને અંતે એઓ પણ ચા ભક્તો બની જાય છે. આ વાતનો અનુભવ મને એકલાનેજ નથી પણ ઘણા સાધુ સાધ્વીઓને થઇ ચુકયો છે, જેનો ખુલાસો મારવાડી ભાઇઓનો મેળ થયે કરવા ધારોતો કરી શકો છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વ જીવન સફળતા કરવાની કુંચી.

પરજીવ–જીવ માત્રનું હિત ચિન્તવન કરવું કે 'સર્વ કોઈ સુખી થાવ! સર્વ કોઇ નિરોગી બની રહો! સર્વ કોઇ ભદ્ર પામો! અને કોઇ પણ પાપ આચરણ કરતાં અટકો–પાપ કૃત્ય ન કરો!' 'સમસ્ત જગતમાં શાન્તિ વર્ષો! સમસ્ત જનો પરહિત કરવા તત્પર બનો! દોષ માત્ર દૂર થાવ! સમ સર્વત્ર સર્વ કોઈ સુખી થાવ!' આ પ્રકારે સર્વ કોઇનું એકાન્ત હિત ચિન્તવન કરતા રહેવું, કદાપિ કોઇનું પણ અહિત ચિન્તવન નજ કરવું તેનું નામ મૈત્રી ભાવના.

આ ભાવનાને ( Universal Brotherhood ) વિશ્વભાવના કહી શકાય. તે વડે સર્વ જગતના જીવો સંગાતે એકતા–અભેદતા ( Harmony ) સાંધી શકાય છે અને એથી આપણા આત્માને તેમજ જગતના જીવોને શાન્તિ મળી શકે છે. બીજી કરૂણા ભાવના દુ:ખી જનોનાં દુ:ખો દૂર કરવા આપણી શક્તિનો સદુપયોગ કરવાથી બને છે. જો કે સહુ કોઈ સુખને માટેજ તલપે છે પરંતુ સુખનો ખરો માર્ગ તજી, ખોટા માર્ગે સ્વચ્છંદતાવડે ચાલવાથી કઇક જીવો દુ:ખી દુ:ખી થઈ જાય છે. તેવા દુ:ખી જનોનો તેવાં તેવાં દુ:ખોથી ઉદ્ધાર ( છુટકારો ) થાય તેમ તન, મન ધનથી કે સદુપદેશથી નિ:સ્વાર્થપણે પ્રયત્ન કરવો એ આ ભાવનાનું રહસ્ય છે, અન્યને દુ:ખ મુકત કરી સુખ શાંતા પમાડી અભય આપવાથી આપણે પોતે અભય નિર્ભય બની શકીએ છીએ. આપવું એવું લેવું અને વાવવું એવું લણવાનું છે. ફોગટ વાતો કરવાથી કશું વળવાનું નથી. આપણામાં સદ્‌વિવેક જાગ્રત્ કરી તુચ્છ સ્વાર્થ તજી, બની શકે તેટલું પરમાર્થદાવે કાર્ય કરવાથીજ હિત થઇ શકે તેમ છે. ત્રીજી ભાવના પ્રમોદ અથવા મુદિતા નામની છે. જેમ મેઘનો ઉદય જોઇ મોર કેકારવ કરે છે અને ચંદ્રનો ઉદય જોઇ ચકોર ખુશી થાય છે તેમ સુખનો તેમજ ગુણનો ઉદય અન્યમાં જોઇ દીલમાં ખુશી થવું જોઇએ. એથીજ આપણે સુખમાં કે ગુણમાં વધારો કરી શકીએ. તેને બદલે ઇર્ષા કે અદેખાઇવશ અન્યનું અનિષ્ટ ચિન્તવવાથી તો પરિણામે આપણુંજ અનિષ્ટ થવા પામે છે. જો આપણે સુખી અને સદ્‌ગુણી બનવુંજ હોય તો દોષદૃષ્ટિને સર્વથા તજીદઈ દ્રઢ ગુણાનુરાગીજ બનવું જોઇએ. એથી આપણી હૃદયભૂમિ સારી રીતે ખેડાઇ મૃદુ અને સુયોગ્ય બનશે અને તેમાં બીજ સંસ્કારો પડેલા નકામા જશે નહી. ચોથી ભાવના માધ્યસ્થ્ય અથવા ઉપેક્ષા નામની છે. જ્યારે કોઈ નિન્દ્ય કામ કરનાર નજરે પડે ત્યારે તેના ઉપર દ્વેષ લાવ્યા વગર જો તે કોઇ રીતે સુધરી શકે એમ જણાય તો કેવળ કરૂણા દ્રષ્ટિથી તેને સુધારવા પ્રયત્ન કરવો, પણ જો તે અસાધ્ય વ્યાધિ જેમ અપ્રતિકાર્ય લાગે તો સમભાવ રાખી અનેરાં સ્વપર હિતકાર્ય કરવામાંજ ઉજમાળ રહેવું. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મુનિ મહારાજાઓની નમ્ર વિનંતિ.

હાલમાં ચાતુર્માસ પૂર્ણ થયેલ હોવાથી મુનિમહારાજાઓને વિહારનો ટાઇમ હોવ "આત્માનંદ પ્રકાશ" માસિક મોકલતાં ગેરવલ્લે ન જાય માટે જેજે મુનિ મહારાજાઓને સદરહુ માસિક મોકલવામાં આવે છે, તેઓશ્રી જ્યારે જ્યારે જેજે સ્થળે હવે પછી મોકલવાનું અમોને લખી જણાવશે તે તે સ્થળે તેઓશ્રીને મોકલીશું, જેથી તે તે મુનિ મહારાજાઓને કૃપા કરી તે માટે અમોને લખી જણાવવા વિનંતિ કરીયે છીયે.

## લાઇફ મેમ્બરોને ભેટ.

અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નીચેના ત્રણ ગ્રંથો ભેટ આપવાના છે.

૧ જ્ઞાનામૃત કાવ્યકુંજ. ૨ કામઘટકથા પ્રબંધ. ૩ શ્રી દેવ ભક્તિમાળા પ્રકરણ.

ઉપરના ત્રણ ગ્રંથો દરેક લાઇફ મેમ્બરોએ બે આનાની પોસ્ટ ટીકીટ મોકલી મંગાવી લેવા, અથવા વી૦ પી૦ થી મંગાવનાર મહાશયને પોસ્ટેજ ખર્ચ રૂ. ત્રણ ૦—૩—૦ આનાનું વી૦ પી૦ કરવામાં આવશે. જેથી સ્વીકારી લેવા વિનંતિ છે.

# અમારી સભાનું જ્ઞાનોધ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળાતરફથી.
૨ ચૈત્યવંદન મહાભાષ્ય
૩ જૈન મેઘદૂત સટીક
૪ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૫ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૬ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી
૭ શ્રી કલ્પસૂત્ર—કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તે મનાધર્મ પતિનબાઇચુનીબાઇનીદ્રવ્યસહાયથી
૮ શ્રી ઉપાસકદશાંગ સૂત્ર સુહારીવાળા શેઠ પીતાંબરદાસ પનાજી
૯ વિચારપ્રાભૃત સટીક.
૧૦ ષટ્સ્થાનક સટીક.
૧૧ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક.
૧૨ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત
૧૩ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૪ ધાતુ પારાયણ
૧૫ શ્રી નંદીસૂત્ર—શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે સુહારીવાળશેઠ મોતીચંદસુરચંદ તરફથી
૧૬ શ્રી અનુત્તરોવવાઇ—શા. કચરાભાઇ નેમચંદ ખંભાતવાળા તરફથી
૧૭ ગુણમાળા ( ભાષાંતર ) શેઠ કુલભજી દેવાજી રે. કરચલીયા—નવસારી.
૧૮ ઉપદેશસપ્તતિકા ( ભાષાંતર )
૧૯ ગુરૂતત્ત્વ વિનિશ્ચય સટીક. શેઠ પરમાણંદ દાસ રતનજી ગોઘા હાલ મુંબઇવાળા તરફથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ–શિક્ષણ.

" આપણી વર્તમાન કેળવણીમાં ધર્મ શિક્ષણની ખામી છે, એવી ફરિયાદ આજકાલ ચારે તરફથી સંભળાય છે, પણ એ ફરિયાદ ટાળવાના માર્ગ બહુ રહેલા નથી. આપણા રાજ્યકર્તાઓએ ધર્મતટસ્થ્યનું વ્રત લીધું છે, એટલે તેઓ તરફથી સરકારી શાળામાં ધર્મ-શિક્ષણ દાખલ કરી શકાય તેમ નથી, દેશી રાજ્યમાં એ દાખલ કરી શકાય–પણ અનેકધર્મા વિદ્યાર્થીઓની શાળામાં માત્ર સામાન્ય ધર્મના મૂળ તત્વોનું તારણ કે ઐતિહાસિક નિરૂપણ તે ઉપરાંત અધિક સાધ્ય નથી–અને તેમાં પણ કોઇ ધર્મવાળાઓની લેશ પણ લાગણી ન દુઃખાય એવી સંભાળ લઇ કામ કરવું અતિ કઠિણ છે, પણ ધાર્મિક પ્રગતિ માટે આટલું શિક્ષણ બસ નથી. સર્વ ધર્મનાં સામાન્ય તત્વો જોવાં એ ધાર્મિક ઉદારતા સંપાદન કરવા માટે સારૂં છે, પણ એમ કરનારની વાસ્તવિક સ્થિતિ પગથી વિનાના વિશાળ મેદાનમાં ચોતરફ નજર નાંખતા ઉભેલા મનુષ્યના જેવી છે. ધાર્મિક પ્રયાણ કરવા માટે તો અમુક ધોરી પંથનો સ્વીકાર કરવાની જરૂર છે. તમે પૂછશો કે વર્તમાન સમયમાં વળી "પંથ" કેવા ! આનો ઉત્તર હું એટલોજ આપીશ કે દરેક જણ પોતપોતાની ખાનગી ગલી કાઢે તે કરતાં "ધોરી પંથે" ચાલ્યો જાય એ પરમાર્થને પ્રાપ્ત કરવાનો વધારે સહેલો અને સહીસલામત માર્ગ છે. પવન ખડક સામે વાતો હોય તો એવા પવનમાં પણ આપણી હોડી નાખી એને ખડક સાથે અથડાવા દેવી એમ મારૂં કહેવું નથી; પણ યાજ્ઞવલ્કલ્ય, વ્યાસ, શુક, નારદ, મહાવીર, બુદ્ધ, શંકર, રામાનુજ, વલ્લભ આદિ દરેક ધર્મના પ્રસિદ્ધ પ્રાચીન નાવિકોને સૌ નૌકા સોંપીએ તો ખડકનો જરા પણ ભય નથી. તેઓ કુશળ નાવિકો છે. આપણી તેઓનાં સામર્થ્યમાં દૃઢ શ્રદ્ધા જોઇએ. આપણી શાળાઓનાં શિક્ષણમાં આ મહાત્માઓ સાથે આપણું કાંઇક ઓળખાણ કરાવવામાં આવે છે–પણ એ શિક્ષણ કેવળ બુદ્ધિની ભૂમિકામાં હોઇ એ થકી સમર્પણનો ભાવ આપણામાં પ્રેરવામાં આવતો નથી, પણ જેમ પ્રભુને આત્મા નિવેદન કર્યા વિના પ્રભુની મીઠાશનો અનુભવ થતોનથી, તેમ ઉપર કહેલા નાવિકોને આપણો કર સોંપ્યા વિના તેઓમાં આપણને ઉદ્ધારવાનું કેવું બળ છે એ સમજાતું નથી.

"આ જાતનું સમર્પણ ઉત્પન્ન કરવા માટે તેઓના ગ્રન્થાત્માનું આપણને અહર્નિશ પરિશીલન જોઇએ, એ પરિશિલન કરાવવા માટે ખાસ ધાર્મિક શાળાઓ જોઇએ, શાળાઓ તે કેવળ બાળકોને માટેજ નહિ, પણ યુવાન અને વૃદ્ધ જનોને માટે પણ જોઇએ, કારણ કે પ્રભુનાં જ્ઞાનમાં સૌ બાળકજ છીએ. એના ઉપદેષ્ટા પુરૂષો તે માસિક પગારની દૃષ્ટિવાળા શિક્ષકો કે ધન સત્તા આદિની એષણાઓથી ભરેલા અર્ધ સંસ્કારી આચાર્યો નહિ; પણ સાદું જીવન ગાળતા અને પ્રતિદિન પોતાનો ધાર્મિક અનુભવ વધારે ઉચ્ચ, ગંભીર અને વિશાળ કરતા જતા–એવા પરોપકારી વિદ્વાન સજ્જનો જોઇએ."

"આપણો ધર્મ" માંથી

For Private And Personal Use Only